

૧
આત્મધર્મ
માસિક : વર્ષ-૧૨ * અંક-૨ * ઓક્ટોબર, ૨૦૧૭
મોક્ષકલ્યાણક
સમશ્રેણી પ્રભુ પાવાપુરીમાં
મુક્તિમાં બિરાજ્યા નાથ
વીરપ્રભુ સિદ્ધ થયા છે...

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● ઈસ જગતમેં જીવોંકી સમસ્ત કામનાઓંકે પૂર્ણ કરનેવાલી લક્ષ્મી હુઈ ઔર વહ ભોગનેમેં આઈ તો ઉસસે ક્યા લાભ ? અથવા અપની ધન સંપદાદિકસે પરિવાર સ્નેહી મિત્રોંકો સંતુષ્ટ કિયા તો ક્યા હુઆ ? તથા શત્રુઓંકો જિતકર ઉનકે મસ્તક પર પાંવ રખ દિયે તો ઈસમેં ભી કૌનસી સિદ્ધિ હુઈ ? તથા ઈસી પ્રકાર શરીર બહુત વર્ષ પર્યંત સ્થિર રહા તો ઉસ શરીરસે ક્યા લાભ ? ક્યોંકિ યે સબ હી નિઃસાર ઔર વિનશ્વર હૈ. ૧૬૪૧. (શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૪, શ્લોક-૬૦)

● યોગીયોંકે ભીતર અસત્ય વ નાશવંત પદાર્થોંકા માન નહીં દેખા જાતા હૈ, માન કરના ક્ષણભંગુર હે, માન જહાં હૈ વહાં મિથ્યા ભાવના હૈ, યોગીયોંને માનકો જડસે ઉખાડ ડાલા હૈ. ૧૬૪૨. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૧૩૮)

● મહામુનિયોંકે વીતરાગનિર્વિકલ્પ સમાધિકે સમયમેં સ્વસંવેદનજ્ઞાન હોને પર ભી ઈન્દ્રિયજનિત જ્ઞાન નહીં હૈ, ઔર કેવલજ્ઞાનિયોંકે તો કિસી સમય ભી ઈન્દ્રિયજ્ઞાન નહીં હૈ, કેવલ અતીન્દ્રિયજ્ઞાન હી હૈ, ઈસલિએ ઈન્દ્રિયજ્ઞાનકે અભાવકી અપેક્ષા આત્મા જડ ભી કહા જા સકતા હૈ, યહાં પર બાહ્ય ઈન્દ્રિયજ્ઞાન સબ તરહ હેય હૈ ઔર અતીન્દ્રિયજ્ઞાન ઉપાદેય હૈ, યહ સારાંશ હુઆ. ૧૬૪૩.
(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧, ગાથા-૫૩)

● ગણધરાદિ દેવો, સમ્યગ્દર્શનથી યુક્ત ચંડાળકુળમાં ઉત્પન્ન થયેલાં જીવને પણ કે જે ભસ્મથી ઢંકાયેલા અંગારાની માફક અંદરમાં નિર્મળ છે તેને દેવ કહે છે. ૧૬૪૪. (શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડશ્રાવકાચાર, શ્લોક-૨૮)

● જો પરિગ્રહયુક્ત જીવોનું કલ્યાણ થઈ શકતું હોય તો અગ્નિ પણ શીતળ થઈ શકે. જો ઈન્દ્રિયજન્ય સુખ વાસ્તવિક સુખ હોઈ શકે તો તીવ્ર વિષ પણ અમૃત બની શકે. જો શરીર સ્થિર રહી શકે તો આકાશમાં ઉત્પન્ન થનારી વીજળી તેનાથી પણ અધિક સ્થિર થઈ શકે તથા આ સંસારમાં જો રમણીયતા હોઈ શકે તો તે ઈન્દ્રજાળમાં પણ હોઈ શકે. ૧૬૪૫. (શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૫૬)

● જો પુરુષ અલ્પશક્તિવાલા હૈ ઔર સત્પુરુષોંકી મંડલીમેં રહે બિના હી જગતકે તત્ત્વરૂપકી અવસ્થાકો જાનના ચાહતા હૈ વહ આકાશકો હાથોંસે માપતા હૈ. ૧૬૪૬. (શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૧૬)

વર્ષ–૧૨
અંક–૨

વિ. સંવત ૨૦૭૩
October A.D. 2017






# મંગલ સુપ્રભાતની બોણી

આજે સુપ્રભાત છે, આપણે કળશટીકામાં સુપ્રભાત આવે છે. ત્યાં તો અનંત જ્ઞાન, અનંત દર્શનને સુપ્રભાત કહ્યું છે. પણ સમ્યગ્દર્શન થાય, એ પણ સુપ્રભાત-બીજરૂપે સુપ્રભાત છે. અખંડ આનંદ સ્વરૂપ પ્રભુ, એના આશ્રયે સમ્યગ્દર્શન થાય એ પણ એક સુપ્રભાત છે, એ દિવસ ઊગ્યો એને સુપ્રભાત છે. અહીં તો ૩૮મી ગાથામાં ત્યાં સુધી કહ્યું છે ને !—પંચમ આરાના સંત-ગુરુ અપ્રતિબુદ્ધને સમજાવે છે, આહાહા ! અનાદિ અપ્રતિબુદ્ધ અજ્ઞાનીને ગુરુ વારંવાર સમજાવે છે, એનો અર્થ વારંવાર એ વિચાર કરે છે. પંચમકાળના શ્રોતાને ગુરુ સમજાવે છે. એ સાંભળીને, અંતર અનુભવીને, જેને સમ્યગ્દર્શન થાય છે એ શ્રોતા એમ કહે છે કે હું એક શુદ્ધ ચૈતન્યઘન છું, દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણમિત છું અને તે પરિણમિત થયેલી ચીજ મને કદી પાછી પડે એવો હું નથી. અહાહા ! પંચમઆરાના શ્રોતાની આ વાત ! ઓછી વાત નથી. આગમ, યુક્તિથી ને અનુભવથી જે અમને આત્મજ્ઞાન થયું તે હવે અમને ફરીને પડવાનું નથી. ઓહોહો, પંચમઆરાના શ્રોતાની આ દશા ! ભલે કોઈ થોડા શ્રોતા પાકે પણ એ શ્રોતાની આવી જ દશા હોય. આહાહા ! શું શૈલી ! જીવ અધિકાર પૂર્ણ કરતાં ૩૮ ગાથામાં, પંચમઆરામાં પણ આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જેણે સાંભળ્યું, સાંભળીને જેણે મનન કર્યું, ધ્યાનમાં જેને પ્રાપ્ત થયું એ શ્રોતા એમ કહે છે કે અમારું આ સમ્યગ્દર્શન-જ્ઞાન અપ્રતિહત છે. એ પાછું ફરવાનું નથી. અરે, પંચમઆરાના શ્રોતા ભગવાન પાસે ગયા

નથી ને! કહે છે કે ભગવાન પોતે છે એની પાસે ગયો છે તેથી એને અંતરમાં એવું અપ્રતિહત દર્શન થયું છે. આહાહા! ગજબ વાત છે. એનું નામ જઘન્યભાવની શરૂઆતની સુપ્રભાત કહેવામાં આવે છે.

ઉત્કૃષ્ટ ભાવરૂપ કેવળજ્ઞાન એ તો અત્યારે નથી છતાં પણ જે સમ્યગ્દર્શન પામેલ છે એને અલ્પભવમાં કેવળજ્ઞાન થવાનું જ છે, એમાં કાંઈ ફેરફાર છે જ નહીં. તેથી તેને જે સુપ્રભાત ઉદ્યોત થવાનું છે એનું અત્યારે જ મંગલિક કરે છે કે અમે સર્વજ્ઞપણું પામવાના છીએ, અમને કેવળજ્ઞાન થવાનું છે. ઓહોહો! આનું નામ મંગલ સુપ્રભાત છે.

'મમ્' નામ પરનો અહંકાર, એને 'ગલ' નામ જેણે ગાળ્યો છે તે મંગલિક છે. આહાહા! રાગ ને પર્યાયનું અહમ્‌પણું એવો જે મિથ્યાત્વભાવ તેને, શુદ્ધ ચૈતન્યઘનમાં અહમ્‌પણું માનીને, જેણે ગાળ્યો તેને અહીંયા મંગલિક કહેવામાં આવે છે.

ખરેખર તો પંચપરમેષ્ઠી—અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપણું એ આત્માનું જ સ્વરૂપ છે—એમ યોગીન્દ્રદેવમાં આવે છે. આત્મામાં જ અર્હંતપણું, સિદ્ધપણું, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપણું—પંચપરમેષ્ઠીપણું ભરેલું છે. આત્મા પોતે જ પંચપરમેષ્ઠી સ્વરૂપ છે. આહાહા! એને (—આત્માને) અહીં મંગલિક તરીકે, ઉત્તમ તરીકે, શરણ તરીકે કહેવામાં આવ્યો છે.

(—પૂજ્ય ગુરુદેવશ્રી, નૂતન વર્ષની વહેલી સુપ્રભાતે)

---

**અર્થ :** જે સુપ્રભાતમાં સમસ્ત જ્ઞાનાવરણ અને દર્શનાવરણ આ બે આવરણ કર્મોની સ્થિતિરૂપ રાત્રિનો અંત થઈને અન્તરાય કર્મના ક્ષયરૂપી પ્રકાશ થઈ જતાં તથા શીઘ્ર જ મોહકર્મથી નિર્મિત નિદ્રાભાર સહસા દૂર થઈ જતાં સમીચીન જ્ઞાન અને દર્શનરૂપ નેત્રયુગલ સર્વ તરફ વિસ્તાર પામ્યા છે અર્થાત્ ખૂલી ગયાં છે એવા તે સ્થિર સુપ્રભાતને જેમણે પ્રાપ્ત કરી લીધું છે તે જિનેન્દ્રદેવોને નમસ્કાર હો.

**વિશેષાર્થ :** જેમ પ્રભાત થઈ જતાં રાત્રિનો અંત થઈને ધીરે ધીરે સૂર્યનો પ્રકાશ ફેલાવા માંડે છે તથા લોકોની નિદ્રા દૂર થઈને તેમના નેત્રયુગલ ખુલી જાય છે કે જેથી તે સર્વ તરફ જોવા લાગી જાય છે. બરાબર એ જ રીતે જિનેન્દ્રદેવોને જે અપૂર્વ પ્રભાતનો લાભ થયા કરે છે તેમાં રાત્રિ સમાન તેમના જ્ઞાનાવરણ અને દર્શનાવરણ કર્મોની સ્થિતિનો અંત થાય છે, અંતરાયકર્મનો ક્ષય જ પ્રકાશ છે, મોહકર્મજનિત અવિવેકરૂપ નિદ્રાનો ભાર નષ્ટ થઈ જાય છે. ત્યારે તેમના કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ બન્ને નેત્રો ખુલી જાય છે જેથી તેઓ સમસ્ત વિશ્વને સ્પષ્ટપણે જાણવા અને દેખવા લાગે છે. એવા તે અલૌકિક, અવિનશ્વર સુપ્રભાતને પ્રાપ્ત કરનાર જિનેન્દ્રોને અહીં નમસ્કાર કરવામાં આવ્યા છે.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સુપ્રભાત અષ્ટક, શ્લોક-૧)



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




આ છઠ્ઠીના લેખ છે. વિધાતા ચિદાનંદનો નાથ પોતે છે. તે પર્યાયમાં જણાયો એ વિધાતાએ (પોતે) લેખ લખ્યા કે હવે આ આત્માની થોડા કાળમાં મુક્તિ થવાની છે. છઠ્ઠીના લેખ પોતે જ લખનારો છે.

જ્ઞાયકભાવ પોતે પોતાથી જ હોવાપણે છે, સત્‌પણે અનાદિ સત્તાસ્વરૂપ છે. નવો થયો નથી કે નવું હોવાપણું નથી. અનાદિ સત્તારૂપ હોવાથી ઉત્પન્ન થયો નથી. ધ્રુવ સ્વરૂપ છે તે કદી નાશ પામે તેમ પણ બનતું નથી, તેથી તેનો અંત નથી, અનંત છે. એ રીતે જ્ઞાયકભાવ અનાદિ-અનંત ધ્રુવસત્તા છે. પર્યાય તો વિનાશી છે, ભલે પછી તે કેવળજ્ઞાનની પણ પર્યાય હો, પરંતુ બીજે સમયે તેનો વ્યય-નાશ થાય છે, જ્યારે ભગવાન આત્મા તો અવિનાશી અનાદિ-અનંત જ્ઞાયકભાવ છે.

વળી તે નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી કાયમ પ્રકાશમાન છે, ને જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય એવી સ્પષ્ટ જ્યોતિ છે. પરની અપેક્ષા રાખ્યા વિના જ્ઞાનમાં પોતાને પોતે જણાય એવી સ્પષ્ટ પ્રત્યક્ષ જ્યોતિ છે. પોતાના મતિ-શ્રુતજ્ઞાનની નિર્મળ પર્યાયમાં પ્રત્યક્ષ જણાય એવો જ્ઞાયકભાવ છે. પણ કોને ?—કે જેને જ્ઞાયકભાવ બેઠો છે તેને; જેને જ્ઞાયકભાવનો સ્વીકાર પર્યાયમાં આવ્યો છે તેને તે સ્પષ્ટ પ્રત્યક્ષ જણાય છે.

એવો તે જ્ઞાયકભાવ સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની અપેક્ષાથી પુદ્‌ગલકર્મો સાથે દૂધ ને પાણીની માફક એકરૂપ દેખાય છે; જેમ દૂધ અને પાણી બંને છે તો ભિન્ન જ, છતાં એકરૂપ દેખાય છે, તેમ ભગવાન આત્મા અને કર્મ એક ક્ષેત્રાવગાહે રહ્યા હોવા છતાં દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ જોવામાં આવે તો, કર્મના ઉદયની વિચિત્રતાના વશે પ્રવર્તતા શુભ-અશુભભાવો કે જે પુણ્ય-પાપના રજકણના બંધને ઉત્પન્ન કરનારા છે, તેમના સ્વભાવે જ્ઞાયકભાવે પરિણમતો જ નથી. જ્ઞાયકભાવ જડભાવરૂપ થતો જ નથી, કેમકે શુભાશુભભાવ પોતે પોતાને પણ જાણતા નથી ને પરને પણ જાણતા નથી, તે પરથી જણાય છે માટે અચેતન છે. તેમાં જ્ઞાનપણું નથી પણ

**જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,**
**ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૦.　　—શ્રી સમયસાર**

જ્ઞાનના અભાવરૂપ ભાવપણું છે. તે રૂપે જ્ઞાયકભાવ થતો જ નથી. એકેન્દ્રિયને શુભાશુભભાવ છે પરંતુ દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ એકેન્દ્રિય જીવનો જ્ઞાયકભાવ તે રૂપે થયો જ નથી. પંચમહાવ્રતાદિ શુભભાવરૂપે પણ જ્ઞાયકભાવ થતો જ નથી. જ્ઞાયકજ્યોતિ એવી ને એવી જ રહે છે, તે અચેતનરૂપ કેમ થાય ?

પ્રમત્ત–અપ્રમત્તપણે જ્ઞાયકભાવ કેમ થતો નથી તેનું કારણ દર્શાવે છે કે જ્ઞાયકભાવ જ્ઞાનરસનો પિંડ છે કે જે સમ્યગ્દર્શનનો વિષય છે, સમ્યગ્દર્શનનું ધ્યેય છે; અને શુભાશુભભાવ તો અચેતનરૂપ છે, પ્રમત્ત-અપ્રમત્ત આદિ ૧૪ ગુણસ્થાનો અચેતનભાવ છે, તેથી જ્ઞાયકભાવ તે–રૂપે થતો જ નથી. આવી જ્ઞાયકસત્તાનો જેને સ્વીકાર આવ્યો–પ્રતીતિ થઈ તેના સંસારનો કિનારો આવી ગયો. જેણે જ્ઞાયકભાવને પર્યાયમાં પર્યાયથી પકડ્યો તેનો મોક્ષ થઈ ગયો.

શાસ્ત્રમાં ત્રણ પ્રકારના પરભાવ કહ્યા છે : (૧) જડકર્મના ઉદયભાવને, (૨) શુભાશુભભાવને તથા (૩) ત્રિકાળી સ્વભાવના આશ્રયની અપેક્ષાએ નિર્મળ પર્યાયને પણ પરભાવ કહ્યો છે. અહીં જડકર્મના ઉદયભાવને પરભાવ કહ્યો છે, કારણ કે પરના લક્ષે રાગાદિ થાય છે. તે લક્ષ પરથી છૂટીને જ્ઞાયકભાવમાં જાય છે ત્યાં રાગાદિનું લક્ષ છૂટી જાય છે. માટે અહીં સમસ્ત અન્યદ્રવ્યોથી ભિન્નપણે જ્ઞાયકભાવની ઉપાસના કરે ત્યારે તે 'શુદ્ધ' કહેવાય એમ કહ્યું છે.

શુદ્ધ ક્યારે કહેવાય ?–કે નિત્ય ધ્રુવ જ્ઞાયકભાવનું લક્ષ કરીને પર્યાયમાં જેણે શુદ્ધતા પ્રગટ કરી છે. જ્ઞાયકભાવની પર્યાય દ્વારા જેણે સેવા-ઉપાસના કરી છે તેને તે 'શુદ્ધ' છે. અનાદિથી પરદ્રવ્યો તરફના લક્ષથી અશુદ્ધતા થતી હતી તે લક્ષ છૂટીને જ્ઞાયકભાવનું લક્ષ થતાં જેવો શુદ્ધ જ્ઞાયકભાવ છે તેવો પર્યાયમાં જણાય છે ત્યારે તે 'શુદ્ધ' છે.

અહીં પરદ્રવ્યોનું લક્ષ છોડાવ્યું છે. પરદ્રવ્યોનું લક્ષ છોડીને જ્યાં જ્ઞાયકભાવનું લક્ષ કરે છે ત્યાં વિકારી પર્યાય તેમ જ અવિકારી-નિર્મળ પર્યાયનું પણ લક્ષ છૂટીને દૃષ્ટિ જ્ઞાયકભાવમાં અભેદ થાય છે. ત્યારે તેણે જ્ઞાયકભાવની ઉપાસના કરી કહેવાય છે.

દાહ્ય એટલે બળવાયોગ્ય પદાર્થ–લાકડાં આદિ પદાર્થ. અગ્નિ તેના આકારે થવાથી દહન કહેવાય છે, તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. અગ્નિ લાકડાં આદિથી પરાધીન નથી. અગ્નિ પોતે જ અગ્નિરૂપ પરિણમી ગઈ છે. બળવા યોગ્ય પદાર્થના

**સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,**
**ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧. –શ્રી સમયસાર**

આકારે અગ્નિ પરિણમે છે તોપણ તેના કારણે પરિણમી નથી. પોતાના કારણે તે આકારે અગ્નિ પરિણમી છે તેથી અગ્નિને દાહ્યકૃત અશુદ્ધતા નથી.

તેવી રીતે જાણવાયોગ્ય પદાર્થના આકારે—જ્ઞેયાકારે પરિણમવાથી આત્માને જ્ઞાયકપણું પ્રસિદ્ધ હોવા છતાં જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. શરીર, રાગાદિ જ્ઞેયોને જ્ઞાન જાણવા છતાં તે જ્ઞેયોને લીધે જ્ઞાન થાય તેવી પરાધીનતા તેને નથી. જ્ઞેયના કારણે જ્ઞાન થયું જ નથી તેથી જ્ઞેયાકારે થવા છતાં તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી.

જેમ દીપક ઘટપટાદિને પ્રકાશવામાં પણ દીપક જ છે અને પોતાને પ્રકાશવામાં પણ દીપક જ છે. તેમ પોતાની અવસ્થામાં પોતાના સ્વરૂપને જાણવાકાળે પણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે, અને જ્ઞેયોને જાણવા કાળે પણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ત્રિકાળી જ્ઞાયક તો જ્ઞાયક જ છે, તે સ્વ-પરને જાણવાના કાળે પણ જ્ઞાયક જ છે.

વિશેષ :—હવે શ્રી જયચંદજી પંડિત ભાવાર્થમાં ઘણો સરસ ખુલાસો કરે છે કે અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે, ત્યાં જ્ઞાયકભાવ છે તે વિકારપણે થતો જ નથી. મૂળ દ્રવ્ય—જ્ઞાયકભાવ—તે રાગરૂપ થતું જ નથી. માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે. ત્રિકાળી જ્ઞાયકભાવ મલિન થતો જ નથી. દ્રવ્યદૃષ્ટિથી જોતાં દ્રવ્ય તો દ્રવ્ય જ છે, નિર્મળ જ છે, પરંતુ પર્યાયદૃષ્ટિથી જોતાં તે મલિન દેખાય છે. પુદ્‌ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિનપણું પર્યાયમાં થાય છે તેથી પર્યાયદૃષ્ટિથી જોતાં તે મલિન જ દેખાય છે. દ્રવ્યદૃષ્ટિથી દેખતાં જ્ઞાયકભાવ તો જ્ઞાયકપણે જ રહ્યો છે. તે કાંઈ જડરૂપે થયો જ નથી. આવી દ્રવ્યદૃષ્ટિ—ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ—થવી તેનું નામ સમ્યગ્દર્શન છે.

એ રીતે અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરીને કહ્યું છે કે પ્રમત્ત—અપ્રમત્તરૂપે જ્ઞાયકભાવ થયો જ નથી. પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યોના સંયોગજનિત પર્યાયો છે. પરદ્રવ્યોના સંયોગના સદ્‌ભાવ ને અભાવજનિત તે પર્યાયો છે તેથી અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતામાં તે અશુદ્ધતાને ગૌણ કરી અભાવ છે તેમ કહ્યું છે; પણ પર્યાયમાં અશુદ્ધતા સર્વથા છે જ નહીં તેમ અભાવ કરીને અભાવ નથી; ગૌણ કરીને અભાવ કહેલ છે, તેથી તે અશુદ્ધતા વ્યવહાર છે, અભૂતાર્થ, અસત્યાર્થ ઉપચાર છે, માટે હેય છે. (ક્રમશઃ)

સંમૂઢ નહિ જે સર્વ ભાવે,—સત્ય દૃષ્ટિ ધારતો,
તે મૂઢદૃષ્ટિરહિત સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨. —શ્રી સમયસાર




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૫-૫-૪૪, શુક્રવાર) વ્યાખ્યાન નં. ૧૬
(ગાથા ૧૪)

પ્રશ્ન :—તમે દેહ અને આત્મા જુદા કહો છો, પણ જો જુદા હોય તો આત્મા જુદો કાઢીને કેમ નથી દેખાડતા?

ઉત્તર :—આત્માને જોવા માટે આંખો તો જોનારની પોતાની જોઈશે ને? બહારની આંખોથી આત્મા દેખાય તેવો નથી. આત્માને જોવા માટે પહેલાં તેનું જ્ઞાન કરવું પડશે. તે જ્ઞાનની વિધિ અહીં કહેવાય છે. દેહ અને આત્મા જુદા છે એ વાત પણ સમજ્યા વગર પચાસ પચાસ વર્ષ ધર્મસ્થાનકમાં બેસી રહે તોપણ આત્માને ઓળખ્યા વગર ધર્મ થાય તેમ નથી.

સાચું સમજ્યા વગર બહારમાં ધર્મ માની બેસે છે. સમજાવનાર પોતે સાચું સમજ્યા હોય તો બીજાને સમજાવી શકે ને! કુવામાં હોય તો અવેડામાં આવેને? તેમ સત્યના સમજાવનાર હોય ત્યાંથી સત્ય મળે ને! બાકી તો સમજ્યા વગર ઝૂકાવ્યે રાખે છે અને ઝૂકાવનાર પણ મળી રહે છે.

વર્તમાન અવસ્થામાં ઊઘડેલું જ્ઞાન છે તે નહીં—પણ અંદર એકરૂપ સ્વાભાવિક દર્શન-જ્ઞાન-ચારિત્ર-સુખ-આનંદ છે તે નિજસ્વરૂપ જ છે. તેમાં કાંઈ પ્રગટવાપણું કે અવરાવાપણું નથી—એકરૂપ નિરપેક્ષસ્વરૂપ છે તે જ નિજસ્વરૂપ છે અને એ જ સમ્યગ્દર્શનનો વિષય (લક્ષ્ય—ધ્યેય) છે. આ આત્મા ત્રિકાળ અખંડ એકરૂપ છે. નિજસ્વરૂપમાં ફેરફાર કે ઓછાવધતાપણું હોય નહીં. આત્માનું સ્વરૂપ તો એકરૂપ છે—તે સ્વરૂપનો, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક એ ચાર ભાવો રહિત પાંચમો પારિણામિક ભાવ છે, તેની અંદર એક પરિણતિ (અર્થાત્ અવસ્થા) છે તે જ કારણશુદ્ધપર્યાય છે. તે પરિણતિ છે છતાં તેનું પ્રગટરૂપ પરિણમન નથી, તે અવસ્થા ત્રણેકાળ એક સરખી—પૂરી જ છે, તેમાં ઊણી-અધૂરી કે પૂરી એવા કોઈ ભેદ જ નથી.

ઉદય-ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષાયિક અવસ્થા થાય છે તે જીવની છે. પણ તે અવસ્થાની અપેક્ષા વિનાનું ત્રિકાળ એકરૂપ ધ્રુવ દ્રવ્ય છે તે જ સમ્યગ્દર્શનનો વિષય છે.

**જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,**
**ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૩.** —શ્રી સમયસાર

જેમ—પાણીમાં તરંગ થાય છતાં પાણી તો કાયમ એકરૂપ પડ્યું જ છે. પાણી એકરૂપ રહે છે અને તેમાં મોજાં ઊઠે છે—બન્ને જુદાં નથી. મોજું ઉપરમાં-બહારની સપાટીથી નાનું મોટું છે પણ અંદરની સપાટી તો દરેક મોજાં વખતે એક સરખી જ રહે છે; પાણી ઉપર મોજાંનો ભાગ તો અમુક જ છે—અંદર તો એકરૂપ સપાટી છે, તે સપાટી એકરૂપ છે અને અંદરનું પાણીનું દળ (સપાટી પછી પાણીની જે ઊંડાઈ તે) એકરૂપ જ છે. તેમ આત્મારૂપી સમુદ્રમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક પર્યાય તે તો અપેક્ષિતભાવો છે. તરંગ સમાન છે અને અંદર જે સપાટીનો અંશ (પારિણામિક ભાવની પર્યાય) તે કારણશુદ્ધપર્યાય એકરૂપ સપાટી સમાન છે, અને વસ્તુ તે દ્રવ્ય-ગુણનું એકરૂપ દળ છે.

પરિણતિ એટલે શક્તિરૂપ અવસ્થા, તે ત્રિકાળ એકરૂપ છે. જેવું સામાન્ય કાયમ એકરૂપ છે તેવું જ તેનું વિશેષ (પરિણતિ) એકરૂપ કાયમ છે; તેમાં 'વર્તમાન-વર્તમાન' કહેવાય છતાં એકરૂપ ધ્રુવ છે. વર્તમાન-વર્તમાન કહેવાય છતાં તેમાં ઉત્પાદ-વ્યયરૂપ પરિણમન નથી. નિત્ય ધ્રુવરૂપ પરિણતિ તેને ભગવાન કારણશુદ્ધપર્યાય કહે છે.

''શુદ્ધ પારિણામિક ભાવ'' એમ કહેતાં જ તેમાં ''પરિણમે છે'' એવો ધ્વનિ આવે છે. પરિણમે છે એટલે દ્રવ્યગુણનું વર્તમાનરૂપ છે, એ રીતે બન્ને થઈને (સામાન્ય રૂપ દ્રવ્ય અને તેના વિશેષરૂપ કારણશુદ્ધપર્યાય એ બન્ને થઈને) દ્રવ્યની પૂર્ણતા છે.

આ બધી વાત કેવળીને કહેવાતી નથી, પણ હજી તો સમ્યગ્દર્શન પ્રગટાવવાનું કારણ કહેવાય છે; ઝીણી પડે તેવી વાત છે; પણ જેમ ઋતુ ઊનાળાની હોય ત્યારે ઝીણું કપડું પહેરવાનું હોય ત્યાં જાડું પહેરવાથી ઘામ (ઊકળાટ) થશે, તેમ આ ટાણાં ઝીણું સમજવાનાં છે; તેમાં ઝીણી બુદ્ધિ જોઈશે, ઝીણા (અરૂપી) આત્માની મુક્તિ માટે ઝીણું જ્ઞાન ધાર્યા વિના સંસારનો ઊકળાટ ઊડશે નહીં અને જાડી બુદ્ધિથી ચોરાશીમાં જન્મમરણનો ઘામ થશે.

કારણશુદ્ધપર્યાયનું મનન તે કાર્યશુદ્ધપર્યાયનું કારણ છે. વસ્તુ ત્રિકાળ, વસ્તુના બધા ગુણો ત્રિકાળ, અને એકેક ગુણની અવસ્થા તે પણ ત્રિકાળ એકસરખી—એ ત્રણે થઈને આખું દ્રવ્ય છે; અને એ દ્રવ્યના લક્ષે નિર્મળ પર્યાય પ્રગટે છે. જે અવસ્થા પ્રગટે છે તે અવસ્થા (ઉત્પાદ-વ્યયવાળી અવસ્થા) ભોગવટાની છે, અને તે અવસ્થા અંદરમાં ત્રિકાળ એકરૂપ ટકનાર ધ્રુવઅવસ્થાના આધારે પ્રગટે છે.

ગાથા ૧૫ મી ચાલુ.

**ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,**
**ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતદષ્ટિ જાણવો. ૨૩૪.** **–શ્રી સમયસાર**

પરમ હિતકારી સૂક્ષ્મ અધિકાર છે. ન સમજાય તો પણ ધ્યાન રાખવું, વાત તદ્દન નવી છે, વિષય તદ્દન ઝીણો છે. વસ્તુસ્વરૂપ જ કહેવાય છે. સમ્યગ્દર્શન એ મોક્ષનું પહેલું પગથિયું છે. તે સમ્યગ્દર્શનનો આધાર કયું તત્ત્વ છે? આ આત્મા અખંડ વસ્તુ છે. સમ્યગ્દર્શનનો આધાર અખંડ વસ્તુ જ છે. તે વસ્તુના આધારે સમ્યગ્દર્શન પ્રગટે છે. આત્મા કોને કહેવો? કે જેના આધારે સમ્યગ્દર્શન પ્રગટે છે, તથા જે કેવળજ્ઞાનદશાનું કારણ છે, તેને. તે આત્મતત્ત્વ કેવડું અને કેવું છે? આત્મા અનાદિઅનંત વસ્તુ છે. તે વસ્તુમાં જ્ઞાન, દર્શન, શ્રદ્ધા, બળ, અસ્તિત્વ વગેરે અનંત ગુણો પિંડરૂપ છે. વસ્તુને આકારે વસ્તુની અવસ્થા હોય, તેમાં (વસ્તુમાં) પોતાના સ્વભાવથી થતી અવસ્થામાં રાગાદિ વિકાર હોય નહીં. જેમ સાકરમાં મીઠાશ, ધોળાશ વગેરે તેના ગુણો છે; તેની અવસ્થા જો સાકરના આકારે હોય તો પૂરી ગળી અને સફેદ હોય, પણ જો સાથે કાળીજીરી હોય તો સાકરની અવસ્થામાં કડવાશ લાગે, પણ વસ્તુ પોતે—સાકરનો ગાંગડો—કડવાશરૂપ થઈ જાય નહીં; જો સ્વસ્વભાવે અવસ્થા થાય તો તેમાં કડવાશ કે ગળપણની અધૂરાશ હોઈ શકે નહીં; તેમ આત્મા અનંત ગુણોનો પિંડ છે, તેના ગુણો કાયમ છે. ને ગુણની વર્તમાન અવસ્થા જો ગુણના જ આધારે થાય તો તે અવસ્થા પૂરેપૂરી શુદ્ધ હોય. આત્મા વસ્તુમાં અનંત ગુણો છે તે દ્રવ્યની અવસ્થા કહો કે એકેક ગુણની અવસ્થા કહો, તે જો ગુણના આધારે હોય તો તો પૂરી જ હોય. આત્મા વસ્તુ અને તેના અનંતા ગુણો ત્રિકાળ છે, તેની અવસ્થા પોતાથી ઊણી હોઈ શકે જ નહીં. રાગાદિની વૃત્તિ થાય તે અવસ્થા અંતર આકારના ભાવ નથી, પણ કર્મ તરફના લક્ષના આકારવાળો ભાવ છે. સાકર, સાકરનો ગુણ અને તેની અવસ્થા એ ત્રણે એકરૂપ પૂર્ણ મીઠાં જ હોય, તેમાં જરાપણ મોળપ તે સાકરનું વાસ્તવિક સ્વરૂપ નથી. તેવી રીતે આત્માને વિષે જ્ઞાનગુણમાં મતિ-શ્રુત વગેરે ઊણી અવસ્થા છે. તે અપેક્ષિત અવસ્થા છે. સમ્યક્મતિ અને સમ્યક્શ્રુત પણ અપેક્ષિત છે, પૂર્ણ ગુણના આધારે તો પૂરી જ અવસ્થા હોય. અને જેવાં દ્રવ્ય અને ગુણ પૂર્ણ છે, તેવી જ તેની પૂરી અવસ્થા કાયમ હોય તો જ વસ્તુ પૂરી કહેવાય. રાગાદિની અવસ્થા સ્વભાવના આધારે નથી, પણ નિમિત્તના આધારે છે; જેટલા વિકલ્પ કે રાગ છે તે બધાય કર્મના આધારે થાય છે, વસ્તુના આધારે રાગ કે વિકલ્પ હોય નહીં. જો કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અવસ્થા આવે છે તે ગુણમાંથી, પણ તે હજી સાધકપર્યાય છે, અને સાધકપર્યાય તે વાસ્તવિક સ્વરૂપ નથી તેથી તે વસ્તુના આકારની અવસ્થા નથી. સમ્યગ્દર્શન ચોથી ભૂમિકાએ થાય છે, તે શ્રદ્ધાગુણની એક નિર્મળ અવસ્થા છે; સમ્યગ્દર્શન પોતે ઊણી અવસ્થા છે પણ તેની માન્યતાનો વિષય (ધ્યેય) જે સ્વભાવ તે પરિપૂર્ણ છે. જો પરિપૂર્ણને લક્ષમાં ન લ્યે તો તે સમ્યગ્દર્શન નથી.　　　　　　　　　　　　　　　　　　　　*(ક્રમશઃ)*



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે કોઈક જીવને ગુણશ્રેણી નિર્જરા ઉપરાંત વિશેષ નિર્જરા થાય છે તેનું વર્ણન કરે છે.

**जो विसहदि दुव्वयणं साहम्मियहीलणं च उवसग्गं ।**
**जीणिऊण कसायरिउं तस्स हवे णिज्जरा विउला ।।१०९।।**

**અર્થ** :—જે મુનિ દુર્વચન સહન કરે છે, અન્ય સાધર્મી મુનિ આદિ દ્વારા કરાયેલા અનાદરને સહન કરે છે, દેવાદિકોએ કરેલા ઉપસર્ગને સહન કરે છે;—એ પ્રમાણે કષાયરૂપ વૈરીઓને જીતે છે, તેને વિપુલ અર્થાત્ ઘણી નિર્જરા થાય છે. ૧૦૯.

સ્વભાવનું એટલું અવલંબન છે કે દુર્વચન-અનાદર વગેરે પ્રસંગે કષાયભાવ થતો નથી, પણ જ્ઞાતાભાવ રહે છે, તેવા વખતે શુદ્ધતાની વૃદ્ધિ થાય છે ને કર્મ વિશેષપણે ખરી જાય છે.

પ્રશ્ન :—સાધર્મીમુનિ સાધર્મીનો અનાદર કેમ કરે?

ઉત્તર :—ત્યાં ખરેખર અનાદરનો ભાવ નથી હોતો, પણ સામા જીવને શુદ્ધતાનું કારણ થાય એવા હેતુએ કોઈવાર કડકપણે શિખામણ આપે, ત્યાં સામાના હિતનો ભાવ છે. આચાર્યો કઠોર પ્રાયશ્ચિત્ત આપે ને મુનિ તેને કષાયરહિતપણે સહન કરે છે, એવા પ્રસંગે મુનિને વિશેષ નિર્જરા થાય છે. અંદરમાં ઉપશમભાવમાં એવા ઠર્યા છે કે ઉપસર્ગ વગેરે પ્રસંગો વખતે પણ અકષાય પરિણતિ સહજ વધતી જાય છે. તેનું આ વર્ણન છે. બહારની વાત નથી. આવા-આવા સંયોગ વખતે પણ સહજ સ્વભાવના આશ્રયે ધર્માત્માને નિર્જરા થતી જાય છે. આત્માના ભાન વગર સહન કરે તેવા જીવોની આ વાત નથી.

ભાવાર્થ :—કોઈ કુવચન કહે તેનાથી કષાય ન કરે, પોતાને અતિચાર દોષ લાગતાં આચાર્યાદિક કઠોર વચન કહી પ્રાયશ્ચિત્ત આપે. નિરાદર કરે તોપણ તેને નિષ્કષાયપણે સહન કરે તથા કોઈ ઉપસર્ગ કરે તેની સાથે પણ કષાય ન કરે તેને ઘણી નિર્જરા થાય છે.

**જે મોક્ષમાર્ગે 'સાધુ'ત્રયનું વત્સલત્વ કરે અહો!**
**ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૫. –શ્રી સમયસાર**

અહો! મુનિરાજ જંગલમાં ઝાડ નીચે આત્માના ધ્યાનમાં બેઠા હોય, અંદરની શાંતિમાં ડૂબકી મારીને સહજ જ્ઞાનાનંદસ્વભાવનો અનુભવ કરતા હોય, ને ત્યાં પારધી આવીને ઝાડ ઉપરના પંખીને મારે, તે મરેલું પંખી ખોળામાં આવીને પડે ઈત્યાદિ ઉપસર્ગો વખતે પણ અંદર કષાયભાવ થયા વિના વીતરાગભાવે જ્ઞાતા રહે છે, તેવા મુનિને વિશેષ નિર્જરા થાય છે.

**रिणमोयणुव्व मण्णइ जो उवसग्गं परीसहं तिव्वं ।**
**पावफलं मे एदं मया वि जे संचिदं पुव्वं ।।११०।।**

**અર્થ :—**જે મુનિ ઉપસર્ગ તથા તીવ્ર પરીષહ આવતાં એમ માને છે કે મેં પૂર્વજન્મમાં પાપનો સંચય કર્યો હતો, તેનું આ ફળ છે તેને (શાંતિપૂર્વક) ભોગવવું પણ તેમાં વ્યાકુળ ન થવું. જેમ કે કોઈનાં કરજે નાણાં લીધાં હોય તે જ્યારે પેલો માગે ત્યારે આપી દેવાં, પણ તેથી વ્યાકુળતા શા માટે કરવી? એ પ્રમાણે માનતા તેને ઘણી નિર્જરા થાય છે. ૧૧૦.

અહીં તો અંદરમાં સ્વભાવના આશ્રયે જેને જ્ઞાનચેતના પ્રગટી છે તેવા જીવની વાત છે. એકલા કર્મના આશ્રયે સહન કરે તેવા જીવને તો કર્મફળચેતના છે. અહીં તો જ્ઞાતાના આશ્રયે વિશેષ ચારિત્ર પ્રગટ્યું છે, એવા મુનિની વાત છે. કર્મના ઉદયથી શરીરમાં પ્રતિકૂળતા થાય તેવા પ્રસંગે મુનિઓને વ્યાકૂળતા ન થાય, પણ એમ ચિંતવે કે હું તો જ્ઞાનાનંદ છું, આ પૂર્વકર્મનું ફળ છે, એમ અંદર ચૈતન્યનું અવલંબન ખસતું નથી ને જ્ઞાતાની શાંતિ ખસતી નથી. એવા મુનિને ઘણી નિર્જરા થાય છે. સંયોગ તરફ લક્ષ જાય ને સંયોગ જ્ઞાનમાં આવે, તે કાંઈ દોષ નથી. તે વખતે તેવા સંયોગને જાણવાનું જ્ઞાન પ્રગટ્યું છે, પણ તે વખતે કષાયભાવ થાય તો બંધન થાય; ચૈતન્યના અવલંબનની સ્થિરતાપૂર્વક જે જ્ઞાન ખીલ્યું છે, તેને પરને જાણતી વખતે પણ રાગ-દ્વેષ થતો નથી, તેટલી નિર્જરા છે. જ્ઞાનીને કોઈ ક્ષણે ચિદાનંદ દ્રવ્યનું અવલંબન છૂટતું નથી, તેથી ક્ષણે-ક્ષણે નિર્જરા જ થાય છે. જો દ્રવ્યનું અવલંબન છૂટે તો નિર્જરા કે ધર્મ રહેતો નથી. અહીં ચિદાનંદ દ્રવ્યના અવલંબનનો કાળ છે ત્યાં સામે કર્મોની નિર્જરા સહજ બની રહી છે ને અહીં શુદ્ધતા વધતી જાય છે.

**जो चिंतेइ सरीरं ममत्तजणयं विणस्सरं असुइं ।**
**दंसणणाणचरित्तं सुहजणयं णिम्मलं णिच्चं ।।१११।।**

**ચિન્મૂર્તિ મન-રથપંથમાં વિદ્યારથારૂઢ ઘૂમતો,**
**તે જિનજ્ઞાનપ્રભાવકર સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૬. –શ્રી સમયસાર**

यः चिन्तयति शरीरं ममत्वजनकं विनश्वरं अशुचिम् ।
दर्शनज्ञानचरित्रं शुभजनकं निर्मलं नित्यम् ॥१११॥

**અર્થ :—**જે મુનિ, આ શરીરને મમત્વ-મોહનું ઉપજાવવાવાળું, વિનાશીક તથા અપવિત્ર માને છે; અને દર્શન-જ્ઞાન-ચારિત્રને શુભજનક (સુખ ઉપજાવનાર), નિર્મળ તથા નિત્ય—એમ જે મુનિ ચિંતવે છે તેને ઘણી નિર્જરા થાય છે. ૧૧૧.

ખરેખર કાંઈ શરીર મોહને ઉપજાવનારું નથી, પણ તેના તરફના વલણનો ભાવ થાય તો મમત્વ થાય છે, માટે નિમિત્ત તરીકે દેહને મમત્વનો ઉપજાવનાર કહ્યો છે. ચિદાનંદ સ્વભાવ તો નિર્મળ છે. તેના અવલંબને નિર્મોહદશા ઊપજે છે. આત્મા જ્ઞાયકશરીરી અવિનાશી છે ને દેહ તો વિનાશીક છે, અપવિત્ર છે. પવિત્ર સ્વભાવનું અવલંબન બતાવવા માટે દેહને અપવિત્ર કહ્યો છે, ખરેખર તો દેહ પણ જ્ઞેય છે. દેહ તરફનું વલણ છોડીને ચૈતન્યના અવલંબને જે વિશેષ સ્થિર થાય છે તેને વિશેષ નિર્જરા થાય છે.

દેહ અપવિત્ર ને આત્મા પવિત્ર છે.

દેહ વિનાશી ને આત્મા અવિનાશી છે.

દેહ મમત્વનો જનક ને આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રનો જનક.

આમ જાણીને પોતે પોતાના સ્વરૂપમાં સ્થિરતા વધારે છે, તેને ઘણી નિર્જરા થાય છે. આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે જ નિર્મળ-પવિત્ર અને નિત્ય છે, તેનાથી નિર્જરા થાય છે.

अप्पाणं जो णिंदइ गुणवंताणं करेदि बहुमाणं ।
मणइंदियाण विजई स सरूवपरायणो होदि ।।११२।।

**અર્થ :—**જે સાધુ પોતાના સ્વરૂપમાં તત્પર થઈને પોતે કરેલાં દુષ્કૃતોની નિંદા કરે છે, ગુણવાન પુરુષોનો પ્રત્યક્ષ કે પરોક્ષ ઘણો જ આદર કરે છે તથા પોતાનાં મન-ઇન્દ્રિયોને જીતે છે—વશ કરે છે તેને ઘણી નિર્જરા થાય છે. ૧૧૨.

સમ્યગ્દર્શનપૂર્વક સ્વરૂપમાં ઘણી લીનતા થઈ હોય તેવી સાધુદશાની આ વાત છે. જે પોતાના દોષની નિંદા કરે છે ને ગુણવાન પુરુષોનો આદર કરે છે, તેને પણ નિર્જરા થાય છે. પ્રત્યક્ષ કે પરોક્ષ ગુણવાન પુરુષના ગુણોનું બહુમાન આવે તે ભાવ પણ નિર્જરાનું

**જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,**
**વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૩૭. –શ્રી સમયસાર**

કારણ છે. કેમ કે તેમાં પોતાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વિવેક અને બહુમાન છે. વળી જે મન-ઇન્દ્રિયોને જીતે છે એટલે કે અતીન્દ્રિય ચિદાનંદસ્વરૂપમાં ઠરે છે તેવા જીવોને ઘણી નિર્જરા થાય છે. સમયસારમાં કહે છે કે નિંદા-ગર્હણાનો શુભભાવ તે અશુદ્ધિ અને વિષકુંભ છે, અને અહીં કહે છે કે પોતાના દોષની નિંદા, ગુણી જીવોનું બહુમાન વગેરે ભાવો શુદ્ધ અને નિર્જરાનું કારણ છે; તો શું એ બે કથનમાં વિરોધ છે ? વિરોધ નથી, પણ અપેક્ષા ભેદ છે. અહીં ગુણીજનોનું બહુમાન વગેરે વખતે પોતાને અંદરમાં જ્ઞાનની સ્થિરતાનો જે ભાવ વર્તે છે તેને મુખ્ય ગણીને નિર્જરા કહી છે, ને ત્યાં શુભરાગની મુખ્યતા ગણીને તેને વિષકુંભ કહ્યો છે. અહીં પણ જે રાગ છે તેને કાંઈ નિર્જરાનું કારણ નથી કહ્યું પણ તે રાગ વખતે અંદર સ્વભાવનું અવલંબન વર્તે છે ને શુદ્ધતા વધે છે, તેની પ્રધાનતા ગણીને તેને નિર્જરા કહી છે.

ચિદાનંદ સ્વભાવનું અવલંબન કરતાં મિથ્યાત્વાદિ દોષોનો નિરાદર થઈ જાય છે, ત્યાં પછી મિથ્યાત્વાદિ કર્મો ક્યાંથી ટકે? ખરી જ જાય. આ રીતે સ્વભાવના અવલંબને નિર્જરા થાય છે—એમ જાણવું.

આ નિર્જરા-અનુપ્રેક્ષાનું વર્ણન ચાલે છે. નિર્જરા એટલે ખરી જવું. તે કર્મનું ખરવું આત્માના ભાનસહિત જીવને પણ થાય છે ને આત્માના ભાન વગરના જીવને પણ થાય છે; પણ તેમાં આત્માના ભાનસહિત કર્મનું ખરવું ને શુદ્ધતાનું વધવું તે જ નિર્જરા-ધર્મ છે.

(ક્રમશઃ)

---

ઈસ સંસારમેં રાગાદિ પરપરિણતિકે કારણ અનંત ભવોંમેં અનંત પ્રકારકે ભય બને રહતે હૈ, મરણભય, ઈષ્ટ-વિયોગભય, રોગભય આદિ—આદિ. જબ ભવ્યજીવ સમ્યગ્જ્ઞાની હો જાતા હૈ તબ સર્વ ભયોંસે રહિત હો જાતા હૈ. ફિર ઉસકે સંસારકે ભ્રમણકા ભય ભી નાશ હો જાતા હૈ. વહ ભવ્યજીવ ગુણોંકા નિધાન હૈ, ઉસકે નિર્મલભાવ રહતે હૈ ઐસા જાનો. વાસ્તવમેં સમ્યગ્દષ્ટિ આત્મજ્ઞાની હોતા હૈ. ઉસકો નિશ્ચય હો જાતા હૈ કિ મૈં શુદ્ધાત્મ સ્વરૂપ હૂં, મેરી મુક્તિ મેરે હી પાસ હૈ. ઈસલિયે વહ પૂર્ણ નિર્ભય રહતા હૈ, ઉસકે ભીતર શુદ્ધાત્માકા સ્વભાવ પ્રગટરૂપસે ઝલકતા હૈ, વહ સ્વસંવેદન દ્વારા આત્માકે શુદ્ધ સ્વભાવકા અનુભવ કરતા હૈ.

(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું ૨૯૪)

**વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને**
**ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮. —શ્રી સમયસાર**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ ચારે જ્ઞાન સ્વસંવેદન પ્રત્યક્ષ છે. અવધિ-મનઃપર્યય જ્ઞાન એકદેશ પ્રત્યક્ષ છે, સર્વઅવધિ વડે સર્વ વર્ગણા પરમાણુમાત્ર દેખે તેથી એકદેશ પ્રત્યક્ષ કહેલ છે. મનઃપર્યયજ્ઞાન પણ પરના મનનું જાણે તેથી એકદેશ પ્રત્યક્ષ છે. જેને અવધિ—મનઃપર્યય જ્ઞાન થાય તેની વાત લીધી છે. કોઈને મતિ-શ્રુતથી સીધું કેવળજ્ઞાન થાય, અવધિજ્ઞાન ને મનઃપર્યયજ્ઞાન ન પણ હોય. અવધિજ્ઞાન ચોથે, પાંચમે કે છઠ્ઠે ગુણસ્થાને કોઈ ધર્માત્માને પ્રગટે છે. મનઃપર્યયજ્ઞાન છઠ્ઠે ગુણસ્થાને કોઈ મુનિને પ્રગટે છે.

કેવળજ્ઞાન સર્વપ્રત્યક્ષ છે.

પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપનું જાણવું થયું કે આ જ્ઞાનમાત્ર છે. તેની પ્રતીતિ થઈ માટે સમ્યક્ નામ પામ્યું. આ સમ્યક્જ્ઞાન છે. શાસ્ત્રજ્ઞાનને સમ્યક્ કહેતા નથી. પોતે જ્ઞાનમાત્ર છે. આત્મા તે જ જ્ઞાન છે અને જ્ઞાન તે જ આત્મા છે—એવી પ્રતીતિ સહિત જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહે છે. શુભાશુભભાવ તે આસ્રવ છે, અજીવ છે, તેનું જ્ઞાનસ્વભાવ દ્વારા ભેદજ્ઞાન ન હોય તો દયા-દાનાદિના શુભભાવવડે સંસાર પરિત કેવી રીતે થાય ? ન જ થાય. મિથ્યાદૃષ્ટિ જીવ રાગાદિને આદરણીય માને છે તે ભૂલ છે. ચૈતન્યમૂર્તિ આત્મા છે, એવી પ્રતીતિ થતાં જ્ઞાન સમ્યક્ થયું, પણ તેને પૂર્ણ શુદ્ધ ન કહેવાય. જ્ઞાનમાત્ર વસ્તુ કેવળજ્ઞાન થયે પૂર્ણ શુદ્ધ થાય છે. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ગુપ્ત એવી કેવળજ્ઞાનરૂપ નિજવસ્તુને પ્રતીતિપણે પ્રગટ કરવાથી સ્વસંવેદનજ્ઞાન વધે છે. આ માર્ગ સુલભ છે, અવળા રસ્તાથી સવળા રસ્તે જવાય એમ બને જ નહિ.

નીચલી દશાવાળો જેને થોડું જ્ઞાન છે તે કેવી રીતે ભરોસો લાવે છે, તે બતાવે છે.

મારા દર્શન-જ્ઞાનનો પ્રકાશ મારા અસંખ્ય પ્રદેશમાંથી ઊઠે છે. શાસ્ત્રથી કે નિમિત્તથી જ્ઞાન થતું નથી. અજ્ઞાની જીવ જુદાં જુદાં નિમિત્તોને ભાળે છે, પણ સમય સમયની પરિણતિ પોતાથી થાય છે એ ભાળતો નથી. મારું જાણવાનું મારાથી છે. પરથી

બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ થાય શું કારણે? ૨૩૯. —શ્રી સમયસાર

નથી, પરવસ્તુને જાણવી તે ઉપચાર છે. જ્ઞાનપ્રકાશ વિના આ પર છે એમ કોણ જાણે ? હું મને જાણું છું, મારું જ્ઞાન મને જાણનાર છે—એમ પ્રતીતિ કરતાં આનંદ આવે છે. પરને લીધે જાણવાનું માને તે દુઃખ છે. પૂર્ણ પ્રકાશક શક્તિરૂપે ગુપ્ત છે, પણ જેટલી પર્યાય જાણવાની ઊઘડી છે તેને આવરણ નથી. જેટલા અંશે આવરણનો અભાવ કર્યો તેટલો જ્ઞાનપ્રકાશ ખીલ્યો. ચિદાનંદ સ્વભાવમાં જેટલી એકતા થઈ તેટલું આવરણ ટળ્યું, માટે આત્મા કર્મના આવરણથી જુદો છે. ઊઘડેલો પર્યાય મતિ-શ્રુત જ્ઞાનનો છે, તે પોતાનો અંશ છે, રાગાદિ પરિણામ સ્વભાવનો અંશ નથી, એટલે કે આત્મા નથી, પણ જે સમ્યક્જ્ઞાન પ્રગટ્યું તે આત્મા છે.

અહીં એટલું વિશેષ છે કે આવરણ ટળવા છતાં જ્ઞાન જેટલું પરનું લક્ષ કરે તેટલું અશુદ્ધ છે, કારણ કે તે પરમાં અટકે છે. જ્ઞાન વિકલ્પ કરે એટલું અશુદ્ધ છે ને પોતાનું કામ કરે તેટલું શુદ્ધ છે. જ્ઞાનનો ઉઘાડ સ્વજ્ઞેયને પકડી લીન રહે તેટલું જ્ઞાન શુદ્ધ છે. સ્વને જાણતાં.....પરને જાણે તે રાગનું કારણ નથી પણ સ્વને ચૂકી પરમાં રોકાય તે અશુદ્ધ છે.

કેવળજ્ઞાન છદ્મસ્થને ગુપ્ત છે, વ્યક્તરૂપે નથી; પણ પરોક્ષજ્ઞાનમાં ધર્મીજીવ નક્કી કરે છે કે ત્રિકાળી શક્તિરૂપે નિરાવરણ છે તેની પ્રતીતિ કરી આનંદને વધારે અથવા ધર્મને વધારે છે. એક પછી એક નિર્મળતાના અંશોને ભેદથી જોવા તે વ્યવહાર છે, આત્મામાં અભેદતા થાય તે નિશ્ચય છે. જઘન્ય જ્ઞાની સમકિતી પોતાની શુદ્ધ ભાવનાથી શુદ્ધ થાય છે એ નિશ્ચય છે. રાગની ભાવનાથી શુદ્ધ થાય છે એમ કહ્યું નથી.

'જેવી મતિ તેવી ગતિ'—એ વચન છે. નિત્ય જ્ઞાયકમૂર્તિ છું એવી મતિ કરે તો કેવળજ્ઞાનનું પરિણમન થાય છે, રાગને મુખ્ય કરી મતિ કરે તો સંસારનું પરિણમન થાય છે.

અજ્ઞાની જીવ દેહને મારો માને છે, તેથી દુઃખી થાય છે. તેને આત્માનું ભાન નથી, તેથી તેને મૃત્યુનો ભય લાગે છે. દેહની સ્થિતિ પુરી થવી તે દુઃખનું કારણ નથી. એકતાબુદ્ધિ તે દુઃખનું કારણ છે. જેને આત્માનું ભાન છે તેને દેહના વિયોગ વખતે આનંદ થાય, દુઃખ ન થાય—આમ પોતાની સમ્યક્મતિથી કેવળજ્ઞાનનું પરિણમન થાય છે.

**એમ જાણવું નિશ્ચય થકી—ચીકણાઈ જે તે નર વિષે**
**રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.** **–શ્રી સમયસાર**

પોતાનું સ્વરૂપ સાક્ષાત્ કેમ થાય તે કહે છે. જેવો નિર્ણય કર્યો હોય તેવું પરિણમન થાય છે. હું રાગ છું, હું પુણ્ય છું, હું શરીર છું તથા શરીરથી લાભ થાય છે એવી મતિ હોય તો સંસારની ગતિ થાય છે; હું જ્ઞાનાનંદ છું ને શરીરથી જુદો છું એવી મતિ હોય તો આત્માનો સાક્ષાત્કાર થાય.

પ્રથમ નિર્મળભાવથી સંસારભાવને ગૌણ કરે, હલકા બનાવે. દયા-દાનાદિના ભાવ થાય તે મારું સ્વરૂપ નથી, સંસારનો આખો ભાવ અધઃ (ગૌણ) કરે. ચૈતન્યભાવ આનંદકંદ છે, તે ઊર્ધ્વસ્વભાવી છે. તેની અપેક્ષાએ શુભાશુભભાવ અધઃ (હલકા) છે તેથી તેને અધઃ (ગૌણ) કરે. કેવી રીતે કરે તે કહીએ છીએ.

આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર કેમ થાય તે બતાવે છે. શરીરાદિ સર્વ રૂપી જડ પદાર્થ છે તેમાં મમત્વ ન કરવું, શરીરની ક્રિયા મારાથી થતી નથી. કાજળમાં મેલપ તન્મય છે, તેમ જડની ક્રિયા જડથી તન્મય છે, મારાથી તન્મય નથી. શરીરમાં સ્વપણું માનવાથી સુખ ન થાય પણ દુઃખ જ થાય.

વળી રાગ-દ્વેષ-મોહભાવ બધા વિકાર છે, તે મારો સ્વભાવ નથી. અશાતાનો ભાવ, તૃષ્ણાભાવ કે ઇચ્છા થાય તે હેય છે. ચિદાનંદને છોડી પુણ્ય-પાપનો ભાવ તે અવિશ્રામભાવ—ખેદ છે. પુણ્ય-પાપ અસ્થિરભાવ છે, દુઃખભાવ છે, આકુળતાભાવ છે, ખેદભાવ છે. આસ્રવભાવ અજ્ઞાનભાવ છે, કેમકે વિકાર પોતાને તથા આત્માને જાણતો નથી માટે અજ્ઞાનભાવ છે, તેથી હેય છે, આત્મામાં આનંદ કેમ થાય ?—કે આ બધો ભાવ હેય છે એમ જાણે તો.

હવે ઉપાદેયભાવની વાત કરે છે. હું શુદ્ધ ચૈતન્યભાવ છું, જ્ઞાનમાત્ર ભાવ છું. પુણ્ય-પાપની આકુળતા વિનાનો શાંતભાવ ઉપાદેય છે. ચિદાનંદમૂર્તિ જ્ઞાતાદ્રષ્ટા છે, તેમાં ઠરે તેને વિશ્રામ કહે છે. તે અંગીકાર કરવા યોગ્ય છે. સ્વભાવમાં સ્થિરતા ઉપાદેય છે. આકુળતા વિનાનો અનાકુળભાવ ઉપાદેય છે. જેમ પૃથ્વીમાં જ્યાં ખોદે ત્યાં બધી જગ્યાએ પાણી નીકળે છે તેમ આત્મા ગમે ત્યાં હોય તોપણ આત્મસન્મુખ જુએ તો આનંદનું પાણી નીકળે છે. આત્મામાં દ્રષ્ટિ કરે તો તૃપ્તિ થાય છે, પુણ્ય-પાપ વિકલ્પમાં તૃપ્તિ નથી. નિજભાવ—પોતાનો જ્ઞાનાનંદ સ્વભાવ આત્મા સાથે તન્મય છે, તે ઉપાદેય છે. (ક્રમશઃ)

**ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદ્રષ્ટિ જે,**
**ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૧.** —શ્રી સમયસાર

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## ભગવાને પણ બીજાનું કાંઈ કર્યું નથી

ભગવાને પોતાનું કાર્ય પૂરેપૂરું કર્યું અને બીજાનું ભગવાને કાંઈ કર્યું નહિ, કેમકે એક તત્ત્વ પોતાપણે છે અને પરપણે નથી તેથી તે કોઈ બીજાનું કાંઈ કરી શકે નહિ. દરેક દ્રવ્ય જુદાં જુદાં સ્વતંત્ર છે, કોઈ કોઈનું કાંઈ કરી શકે નહિ—આમ જાણવું તે જ ભગવાનના શાસ્ત્રની ઓળખાણ છે, તે જ શ્રુતજ્ઞાન છે. આ તો હજી સ્વરૂપને સમજનારની પાત્રતા કહેવાય છે.

## જૈન શાસનમાં કહેલું પ્રભાવનાનું સાચું સ્વરૂપ

કોઈ જીવ પરદ્રવ્યની પ્રભાવના કરી શકતો નથી, પરંતુ જૈનધર્મ એટલે કે આત્માનો વીતરાગસ્વભાવ, તેની પ્રભાવના ધર્મી જીવો કરે છે. આત્માને જાણ્યા વગર આત્માના સ્વભાવની વૃદ્ધિરૂપ પ્રભાવના કેવી રીતે કરે ? પ્રભાવના કરવાનો વિકલ્પ ઊઠે તે પણ પરના કારણે નથી. બીજા માટે કાંઈ પણ પોતામાં થાય એમ કહેવું તે જૈનશાસનની મર્યાદામાં નથી. જૈનશાસન તો વસ્તુને સ્વતંત્ર સ્વાધીન પરિપૂર્ણ સ્થાપે છે.

ભગવાને બીજા જીવોની દયા સ્થાપી એ વાત ખોટી છે. પર જીવની ક્રિયા આ જીવ કરી જ શકતો નથી તો પછી તેને બચાવવાનું ભગવાન કેમ કહે ? ભગવાને તો આત્માના સ્વભાવને ઓળખીને કષાયભાવથી પોતાના આત્માને બચાવવો—તે કરવાનું કહ્યું છે; તે જ ખરી દયા છે. જીવ પોતાના આત્માનો નિર્ણય કર્યા વગર શું કરશે ? ભગવાનના શ્રુતજ્ઞાનમાં તો એમ કહ્યું છે કે—તું તારાથી પરિપૂર્ણ વસ્તુ છે. દરેક તત્ત્વો પોતાથી જ સ્વતંત્ર છે, કોઈ તત્ત્વને બીજા તત્ત્વનો આશ્રય નથી. આ પ્રમાણે વસ્તુના સ્વરૂપને છૂટું રાખવું તે અહિંસા છે અને એક બીજાનું કરી શકે એમ વસ્તુને પરાધીન માનવી તે હિંસા છે.

## આનંદ પ્રગટાવવાની ભાવનાવાળો શું કરે ?

જગતના જીવોને સુખ જોઈએ છે; સુખ કહો કે ધર્મ કહો. ધર્મ કરવો છે એટલે આત્મશાંતિ જોઈએ છે, સારું કરવું છે. સારું ક્યાં કરવું છે ? આત્માની અવસ્થામાં

જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂરે કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨. —શ્રી સમયસાર

દુ:ખનો નાશ કરીને વીતરાગી આનંદ પ્રગટ કરવો છે. એ આનંદ એવો હોવો જોઈએ કે જે સ્વાધીન હોય, જેના માટે પરનું અવલંબન ન હોય. આવો આનંદ પ્રગટાવવાની જેને યથાર્થ ભાવના હોય, તે જિજ્ઞાસુ કહેવાય. પોતાનો પૂર્ણાનન્દ પ્રગટાવવાની ભાવનાવાળો જિજ્ઞાસુ પહેલાં એ જુએ કે એવો પૂર્ણાનન્દ કોને પ્રગટ્યો છે ? પોતાને હજી તેવો આનંદ પ્રગટ નથી, કેમ કે જો પોતાને તેવો આનંદ પ્રગટ હોય તો પ્રગટાવવાની ભાવના ન હોય. એટલે પોતાને હજી તેવો આનંદ પ્રગટ્યો નથી, પણ પોતાને જેની ભાવના છે તેવો આનંદ બીજા કોઈકને પ્રગટ્યો છે, અને જેમને તે આનંદ પ્રગટ્યો છે તેઓના નિમિત્તથી પોતે તે આનંદ પ્રગટાવવાનો સાચો માર્ગ જાણે,—એટલે આમાં સાચાં નિમિત્તોની ઓળખાણ પણ આવી ગઈ. આટલું કરે ત્યાં સુધી હજી જિજ્ઞાસુ છે.

પોતાની અવસ્થામાં અધર્મ–અશાંતિ છે તે ટાળીને ધર્મ શાંતિ પ્રગટાવવી છે. તે શાંતિ પોતાને આધારે અને પરિપૂર્ણ જોઈએ છે. આવી જેને જિજ્ઞાસા થાય તે પ્રથમ એમ નક્કી કરે છે કે હું એક આત્મા મારું પરિપૂર્ણ સુખ પ્રગટાવવા માગું છું, તો એવું પરિપૂર્ણ સુખ કોઈને પ્રગટ્યું હોવું જોઈએ; જો પરિપૂર્ણ સુખ–આનંદ પ્રગટ ન હોય તો દુ:ખી કહેવાય. જેને પરિપૂર્ણ અને સ્વાધીન આનંદ પ્રગટ્યો હોય તે જ સંપૂર્ણ સુખી છે; તેવા સર્વજ્ઞ છે. આ રીતે જિજ્ઞાસુ પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞનો નિર્ણય કરે છે. પરનું કરવા–મૂકવાની વાત તો છે જ નહિ; કેમ કે જ્યારે પરથી જરા છૂટો પડ્યો ત્યારે તો આત્માની જિજ્ઞાસા થઈ છે. આ તો પરથી ખસીને હવે જેને પોતાનું હિત કરવાની ઝંખના જાગી છે એવા જિજ્ઞાસુ જીવની વાત છે. પરદ્રવ્ય પ્રત્યેની સુખબુદ્ધિ અને રુચિ ટાળી તે પાત્રતા છે, અને સ્વભાવની રુચિ અને ઓળખાણ થવી તે પાત્રતાનું ફળ છે.

દુ:ખનું મૂળ ભૂલ છે. જેણે પોતાની ભૂલથી દુ:ખ ઉત્પન્ન કર્યું છે તે પોતાની ભૂલ ટાળે તો તેનું દુ:ખ ટળે. બીજા કોઈએ ભૂલ કરાવી નથી તેથી બીજો કોઈ પોતાનું દુ:ખ ટાળવા સમર્થ નથી.

## શ્રુતજ્ઞાનનું અવલંબન–એ જ પહેલી ક્રિયા

જે આત્મકલ્યાણ કરવા તૈયાર થયો છે એવા જિજ્ઞાસુએ પ્રથમ શું કરવું–તે બતાવાય છે. આત્મકલ્યાણ એની મેળે થઈ જતું નથી પણ પોતાના જ્ઞાનમાં રુચિ અને પુરુષાર્થથી આત્મકલ્યાણ થાય છે. પોતાનું કલ્યાણ કરવા માટે, જેઓને પૂર્ણ કલ્યાણ

> વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને
> ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૪૩. –શ્રી સમયસાર

પ્રગટ્યું છે તે કોણ છે, તેઓ શું કહે છે, તેઓએ પ્રથમ શું કર્યું હતું—એનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરવો પડશે; એટલે કે સર્વજ્ઞનું સ્વરૂપ જાણીને તેમના કહેલા શ્રુતજ્ઞાનના અવલંબનથી પોતાના આત્માનો નિર્ણય કરવો જોઈએ; એ પ્રથમ કર્તવ્ય છે. કોઈ પરના અવલંબનથી ધર્મ પ્રગટતો નથી; છતાં જ્યારે પોતે પોતાના પુરુષાર્થથી સમજે છે ત્યારે તેમાં નિમિત્ત તરીકે સત્‌દેવ-ગુરુ જ હોય છે.

આ રીતે પહેલો જ નિર્ણય એ આવ્યો કે કોઈ પૂર્ણ પુરુષ સંપૂર્ણ સુખી છે અને સંપૂર્ણ જ્ઞાતા છે; તે જ પુરુષ પૂર્ણ સુખનો પૂર્ણ સત્ય માર્ગ કહી શકે છે; પોતે તે સમજીને પોતાનું પૂર્ણ સુખ પ્રગટ કરી શકે છે અને પોતે સમજે ત્યારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રો જ નિમિત્તરૂપ હોય છે. જેને સ્ત્રી, પુત્ર, પૈસા, વગેરેની એટલે કે સંસારના નિમિત્તો તરફની તીવ્ર રુચિ હોય તેને ધર્મનાં નિમિત્તો—દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેની રુચિ નહીં થાય એટલે તેને શ્રુતજ્ઞાનનું અવલંબન ટકશે નહિ અને શ્રુતજ્ઞાનના અવલંબન વગર આત્માનો નિર્ણય થાય નહિ કેમકે આત્માના નિર્ણયમાં નિમિત્તસ્ક્ષ થાય જ નહિ. જે કુદેવાદિને માને તેને આત્મનિર્ણય હોય જ નહિ.

બીજાની સેવા કરીએ તો ધર્મ થાય—એવી માન્યતા તો જિજ્ઞાસુને હોય જ નહિ. પણ યથાર્થ ધર્મ કેમ થાય તે માટે પ્રથમ પૂર્ણ જ્ઞાની ભગવાન અને તેમનાં કહેલાં શાસ્ત્રોના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય કરવાનો ઉદ્યમી થાય. ધર્મની કળા જ જગત સમજ્યું નથી. જો ધર્મની એક કળા પણ શીખે તો તેનો મોક્ષ થયા વગર રહે નહિ.

જિજ્ઞાસુ જીવ પહેલાં સુદેવાદિનો અને કુદેવાદિનો નિર્ણય કરીને કુદેવાદિને છોડે છે, અને સત્‌દેવ-ગુરુની એવી લગની લાગી છે કે સત્‌પુરુષો શું કહે છે તે સમજવાનું જ લક્ષ છે, એટલે તીવ્ર અશુભથી તો હઠી જ ગયો છે. જો સાંસારિક રુચિથી પાછો નહિ હઠે તો વીતરાગી શ્રુતના અવલંબનમાં ટકી શકશે નહિ. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૨૫ થી ચાલુ)

સમ્યગ્દર્શન થાય એટલે અવશ્ય તેને ચારિત્ર, વીતરાગદશા બધું આવવાનું જ છે. સમ્યગ્દર્શને કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી છે, કેવળજ્ઞાન સાથે રમત ચાલુ કરી છે, તેમ શાસ્ત્રોમાં આવે છે. કેવળજ્ઞાન સુધી પહોંચવા માટે થઈને લીલામાત્રમાં પોતાની પરિણતિને પોતા તરફ લાવે છે. ચારિત્રદશા ભલે કોઈને ક્રમે ક્રમે વધે ને કોઈને જલદી વધે; પણ કેવળજ્ઞાનની પરિણતિ પ્રગટ ન થાય ત્યાં સુધી તેની પુરુષાર્થની ધારા ચાલુ છે. પોતાના સ્વરૂપની દશા પ્રાપ્ત કરવા માટે પરિણતિ ચાલુ જ રહે છે.

# અંતરથી સત્‌નો હકાર

પરમ સત્ય સાંભળવા છતાં સમજાતું નથી તેનું કારણ ‘હું લાયક નથી, મને ન સમજાય’ એવી દૃષ્ટિ જ તેને સમજવામાં નાલાયક રાખે છે. જેને સત્‌ના એક શબ્દનો પણ અંતરથી પહેલે ધડાકે હકાર આવ્યો તે ભવિષ્યમાં મુક્તિનું કારણ છે. એકને સત્‌ સાંભળતાં જ અંતરથી ઊછળીને હકાર આવે છે અને બીજો ‘હું લાયક નથી—આ મારે માટે નથી’ એવી માન્યતાની આડ નાખીને સાંભળે છે, તે આડ જ તેને સમજવા દેતી નથી. આડી વાતો તો દુનિયા અનાદિની કરી જ રહી છે, આજે નવી નથી. અંતરવસ્તુના ભાન વગર બહારમાં ત્યાગી થઈને અનંતવાર સૂકાઈ ગયો તોપણ અંતરથી હકાર વગર ધર્મ સમજ્યો નહીં.

જ્યારે જ્ઞાનીઓ કહે છે કે ‘સર્વ જીવો સિદ્ધસમ છે, તું પણ સિદ્ધસમાન છે, ભૂલ વર્તમાન એક સમય પૂરતી છે અને તું સમજીશ માટે કહીએ છીએ.’ એમ કહે છે ત્યારે આ જીવ ‘હું લાયક નથી, મને આ ન સમજાય’ એવી રીતે જ્ઞાનીઓએ કહેલા સત્‌નો નકાર કરીને સાંભળે છે, તેથી જ તેને સમજાતું નથી.

ભૂલ સ્વભાવમાં નથી, માત્ર એક સમય પૂરતી પર્યાયમાં છે, તે ભૂલ બીજે સમયે રહેતી નથી, જો પોતે બીજે સમયે નવી કરે તો થાય છે. પહેલા સમયની ભૂલ તો બીજે સમયે નાશ પામી જાય છે.

શરીર તે અનંત પરમાણુઓનું દળ છે અને આત્મા ચૈતન્યમૂર્તિ છે, શરીર સાથે તેને શું લાગે વળગે ? એક દ્રવ્યની પર્યાય બીજું દ્રવ્ય ઉત્પન્ન કરી શકે નહીં એવું જૈનધર્મનું ત્રિકાળી કથન છે, તે નહીં માનતાં ‘મારાથી પરની અવસ્થા થાય’ એમ માને છે તે જ અજ્ઞાન છે. જ્યાં જૈનની કથની પણ ન માને તો જૈનધર્મ તો ક્યાંથી સમજશે ? જો પરનું કાંઈ કરી શકતો હોય તો પરનું ન કરવાનો કે પરનો ત્યાગ કરવાનો પ્રશ્ન આવે ને ?

વિકાર પરમાં નથી પણ પોતાની એક સમયની માન્યતામાં છે. બીજે સમયે વિકાર નવો કરે તો થાય છે. રાગનો ત્યાગ તે નાસ્તિથી છે, અસ્તિ સ્વરૂપના ભાન વગર રાગની નાસ્તિ કરશે કોણ ? આત્મામાં પર કોઈ ગરી ગયાં જ નથી તો ત્યાગ કોનો ? મફતનું ખોટું માની રાખ્યું છે—તે માન્યતા જ છોડવાની છે. ખરેખર આ તત્ત્વ બોધિદુર્લભ છે. સાચી સમજણ માટે પહેલે જ ધડાકે સત્‌નો હકાર આવવો જોઈએ.

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—બંધનનો નાશ નિશ્ચયસમ્યગ્દર્શનથી થાય છે કે વ્યવહાર સમ્યગ્દર્શનથી ?

ઉત્તર :—જેને નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ થયું હોય તે જીવને, વ્યવહાર સમ્યગ્દર્શનમાં દોષ (–અતિચાર) હોવા છતાં તેને તે દર્શનમોહના બંધનું કારણ થતું નથી, કેમ કે નિશ્ચયસમ્યગ્દર્શનના સદ્‌ભાવમાં મિથ્યાત્વસંબંધી બંધન થતું નથી અને કોઈ જીવને વ્યવહાર સમ્યગ્દર્શન તો બરાબર હોય, તેમાં જરાય અતિચાર પણ ન લાગવા દેતો હોય, પરંતુ જો તેને નિશ્ચયસમ્યગ્દર્શન ન હોય તો તેને મિથ્યાત્વમોહ બંધાયા જ કરે છે. સમ્યગ્દર્શનનો જે વ્યવહાર છે તે સમ્યક્‌ત્વના દોષને ટાળવા સમર્થ નથી પણ સમ્યગ્દર્શનનો જે નિશ્ચય છે તે મિથ્યાત્વનું બંધન થવા દેતો નથી. એટલે એમ સિદ્ધાંત છે કે નિશ્ચય તે બંધનો નાશક છે અને વ્યવહાર તે બંધનો નાશ કરવા સમર્થ નથી.

પ્રશ્ન :—આત્મામાં પરિણમનને માટે પ્રથમ શું કરવું જોઈએ ?

ઉત્તર :—પહેલાં તો સત્સમાગમે આવા સત્યનું શ્રવણ કરવું જોઈએ. જ્યાં સત્યનું શ્રવણ પણ નથી ત્યાં ગ્રહણ નથી, ગ્રહણ નથી ત્યાં ધારણા નથી, ધારણા નથી ત્યાં રુચિ નથી અને રુચિ નથી ત્યાં પરિણમન થતું નથી. જેને આત્માની રુચિ હોય તેને પ્રથમ તેનું શ્રવણ, ગ્રહણ અને ધારણા તો હોય જ છે. અહીં તો હવે શ્રવણ, ગ્રહણ, ધારણા અને રુચિ પછી અંતરમાં તેનું પરિણમન કેમ થાય તેની આ વાત છે.

પ્રશ્ન :—આત્મખ્યાતિને અહીં સમ્યગ્દર્શન કહ્યું–આત્મપ્રસિદ્ધિ કહ્યું–આત્માનુભવ કહ્યું–તેમનો શું અર્થ ?

ઉત્તર :—ત્રિકાળી આત્મસ્વભાવ તો પ્રસિદ્ધ જ હતો, તે કાંઈ ઢંકાયો નથી, પણ અવસ્થામાં પહેલાં તેનું ભાન ન હતું ને હવે તેનું ભાન થતાં અવસ્થામાં ભગવાન આત્માની પ્રસિદ્ધિ થઈ. નિર્મળ અવસ્થા પ્રગટ થતાં, દ્રવ્ય–પર્યાયની અભેદતાથી 'આત્મા

બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે? ૨૪૪. –શ્રી સમયસાર

જ પ્રસિદ્ધ થયો' એમ કહ્યું છે. અનુભવમાં કાંઈ દ્રવ્ય–પર્યાયના ભેદ નથી. રાગમિશ્રિત વિચાર છૂટીને જ્ઞાન જ્ઞાનમાં જ એકાગ્ર થયું તેનું નામ આત્મખ્યાતિ છે. તો આત્મખ્યાતિને અહીં સમ્યગ્દર્શન કહ્યું છે. જો કે આત્મખ્યાતિ પોતે તે જ્ઞાનની પર્યાય છે પણ તેની સાથે સમ્યગ્દર્શન અવિનાભાવીપણે હોય છે તેથી તે આત્મખ્યાતિને જ અહીં સમ્યગ્દર્શન કહ્યું છે.

પ્રશ્ન :—જ્યારે સ્વાશ્રય કરે ત્યારે સમ્યગ્દર્શન થાય કે જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યારે સ્વાશ્રય પ્રગટે ?

ઉત્તર :—જે પર્યાયે સ્વાશ્રય કર્યો તે પોતે જ સમ્યગ્દર્શન છે તેથી તેમાં પહેલાં–પછી એવા ભેદ નથી. પર્યાય સ્વાશ્રયમાં ઢળી તે જ સમ્યગ્દર્શન છે. સ્વાશ્રયપર્યાય અને સમ્યગ્દર્શન જુદાં નથી. ત્રિકાળસ્વભાવના આશ્રયે જ મોક્ષમાર્ગ છે.

પ્રશ્ન :—આપશ્રીએ બતાવેલ આત્માનું માહાત્મ્ય આવવા છતાં કાર્ય કેમ આવતું નથી ?

ઉત્તર :—અંદરથી જે અપૂર્વ માહાત્મ્ય આવવું જોઈએ તે આવતું નથી. એકદમ ઉલ્લસિત થઈને અંદરથી જે મહિમા-માહાત્મ્ય આવવું જોઈએ તે આવતું નથી, ભલે ધારણામાં માહાત્મ્ય આવતું હોય.

પ્રશ્ન :—ખરેખર માહાત્મ્ય લાવવા શું કરવું ?

ઉત્તર :—એક આત્માની જ ખરેખરી અંદરથી રુચિ જાગે ને ભવના ભાવોમાં થાક લાગે તો આત્માનું અંદરથી માહાત્મ્ય આવ્યા વિના રહે જ નહીં. જેને ખરેખર આત્મા જોઈએ છે તેને આત્મા મળે જ છે. શ્રીમદે પણ કહ્યું છે કે છૂટવાનો કામી બંધાતો નથી.

પ્રશ્ન :—ઉપયોગમાં ઉપયોગ એટલે શું ?

ઉત્તર :—ઉપયોગમાં ઉપયોગ એટલે સમ્યગ્દર્શનની નિર્વિકલ્પ પરિણતિમાં ઉપયોગ એટલે ત્રિકાળી આત્મા આવે છે જણાય છે, આત્મા તો આત્મારૂપે ઉદાસીનરૂપે પડ્યો જ છે પણ નિર્વિકલ્પ થતાં શુદ્ધોપયોગમાં ત્રિકાળી ઉપયોગસ્વરૂપ આત્મા જણાય છે.

**એમ જાણવું નિશ્ચય થકી—ચીકણાઈ જે તે નર વિષે**
**રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫. –શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—અંદર શું કરવું એ સમજાતું નથી તેથી ફરી ફરીને પૂછવાનો ભાવ આવ્યા કરે છે કે આ કરવું કેવી રીતે ?

સમાધાન :—પૂજ્ય ગુરુદેવે ઘણુંય સમજાવ્યું છે, કહેવામાં કાંઈ બાકી રાખ્યું નથી. કેવી રીતે કરવું શું ? પોતાનો સ્વભાવ ઓળખીને કરવું. અંદરથી એવી લગની લાગવી જોઈએ, ઓળખાણ કરવી જોઈએ, કે ચૈતન્ય સ્વભાવ શું છે ? આ જડ કાંઈ જાણતું નથી ને રાગ જાણતો નથી; પણ હું બધાનો જાણનાર જુદો છું. જાણનારને ઓળખ્યા વિના કામ થતું નથી. આ એક જ કરવાનું છે, બીજું કાંઈ કરવાનું નથી. બહારમાં બધું જાણ્યું, પણ એક આત્માને ન જાણ્યો તો એ બધું નિષ્ફળ જાય છે. એક આત્માને જાણે અને બહારનું ખાસ ન આવડતું હોય તો પણ એમાં બધું આવી જાય છે. આત્માને જાણે, શ્રદ્ધા કરે અને એમાં લીનતા કરે એમાં બધું આવી જાય છે—બધું સમાઈ જાય છે. આત્મામાં લીનતા કરતાં કરતાં જે પૂર્ણ જ્ઞાનસ્વભાવ છે તે પ્રગટ થાય છે. વીતરાગ દશા, કેવળજ્ઞાન વગેરે બધું આત્મામાંથી પ્રગટ થાય છે.

બહારનું બધું જાણ્યું, પણ એક આત્માને ન જાણ્યો તો તે સફળ નીવડતું નથી. અને એક આત્માને જાણે તો તે બધું સફળ નીવડે છે. આત્માને જાણવો, તેની શ્રદ્ધા કરવી ને તેમાં લીનતા કરવી. પણ એ થાય ક્યારે ? કે આત્માનો રસ લાગે ને બહારનો રસ છૂટી જાય ત્યારે એ થાય. આત્માની મહિમા-રસ-તમન્ના લાગે, એના વિના ચેન ન પડે ને વારંવાર એના વિચારો આવે તો થાય.

પ્રશ્ન :—ભાવભાસન એટલે શું ?

સમાધાન :—જ્ઞાયક એવો જે ભાવ છે એનું ભાસન થવું જોઈએ કે આ જ જ્ઞાયક છે, બીજો નહીં. જે વિકલ્પો બધા આવે છે તે હું નહિ, પણ આ જે જ્ઞાયક છે તે જ હું છું, એવી જાતનો અંદરથી ચૈતન્યના સ્વભાવનો ભાસ આવવો જોઈએ. માત્ર આ બહારનું જાણપણું તે હું નહિ, પરંતુ જે સ્વયં જ્ઞાયક છે તે હું એમ તેનો ભાસ આવવો જોઈએ. આ જ્ઞાયક પોતે પોતાથી છે, જ્ઞાયક વસ્તુ સ્વયંસિદ્ધ છે,—એમ જ્ઞાયકનો ભાવ એને ભાસનમાં આવવો જોઈએ.

પ્રશ્ન :—ભાવભાસન થાય એટલે પુરુષાર્થ કરવો સહેલો પડે ?

સમાધાન :—પોતે પોતાને ઓળખે એટલે પુરુષાર્થ કરવો સહેલો પડે છે. પોતાને ઓળખે તો આગળ જાય ને ? પોતાને ઓળખ્યા વિના આગળ ક્યાંથી જાય ? જો માર્ગને જાણે, સ્વભાવને ઓળખે તો તેનો પુરુષાર્થ તે તરફ જાય છે. આ બાજુ (જ્ઞાયક તરફ) જવું છે એવો ખ્યાલ આવે તો એ બાજુ જવાનો પ્રયત્ન કરે. તે હજુ રુચિ કરીને ઊભો છે એ ઠીક છે; પણ અભ્યાસ કરે કે જ્ઞાયક જ્ઞાયકરૂપે કેમ થાય, એ જાતની અંદરથી લગની લાગવી જોઈએ ને વેદન આવવું જોઈએ, તો એ જાતનો પ્રયત્ન એને થયા વિના રહેતો નથી.

કોઈ ગોખવારૂપે કે લૂખારૂપે કરી નાખે કે હું જાણનાર છું, કરનાર નથી, તો એની વાત નથી. પણ અંતરમાંથી જેને લાગી છે, જ્ઞાયકનો ભાવ ગ્રહણ કરીને જે ઊભો છે ને જે પુરુષાર્થ કરે છે તેને એમાં કોઈવાર વિકલ્પરૂપે ને કોઈવાર ભાવભાસનરૂપે પુરુષાર્થ ચાલ્યા કરતો હોય છે.

પ્રશ્ન :—સાચો નિર્ણય થયા પછી, નિર્વિકલ્પ રુચિ પ્રગટ થવા પહેલાં શું આવું બધું વચ્ચે આવે છે ?

સમાધાન :—એ રીતે અભ્યાસ કરતાં કરતાં આગળ જાય છે, બધાને એકદમ થતું નથી, જોકે કોઈને અંતર્મુહૂર્તમાં થાય, એ જુદી વાત છે; બાકી તો અભ્યાસ કરતાં કરતાં આગળ જાય છે. જ્ઞાયકનું જોર વધતાં વધતાં વિકલ્પની આકુળતા ઓછી થાય ને જ્ઞાતામાં એકાગ્રતા વધતાં વધતાં વિકલ્પ તૂટી એને નિર્વિકલ્પ દશા, સ્વાનુભૂતિ થાય છે અને સિદ્ધદશાના સુખનો અંશ અનુભવમાં આવે છે. પોતે રાગથી છૂટો પડે તો જ અંદરમાં આવે છે.

પ્રશ્ન :—જ્ઞાનીને ગમે તેવા પ્રસંગમાં પ્રતીતિ છૂટતી નથી ?

સમાધાન :—દ્રવ્યનું આલંબન ગ્રહણ કરીને પ્રતીતિ થઈ છે, માટે તે છૂટતી નથી. પ્રતીતિ એકકોર પડી છે એમ નહીં, કાર્યરૂપ છે—જ્ઞાયકની ધારા વર્ત્યા જ કરે છે. બહાર ગયેલી વિભાવની પરિણતિને ત્યાંથી પાછી વાળી લીનતારૂપે કાર્ય લાવે છે. આત્માની પ્રતીતિ ત્યારે જ કહેવાય કે જ્યારે આત્માની અંતરથી સમ્યગ્દર્શનરૂપે પ્રતીતિ આવે ને કાર્ય કરે. જે કાર્ય નથી કરતી તે પ્રતીતિ વિકલ્પરૂપે છે, યથાર્થ પ્રતીતિ નથી. સહજરૂપે કાર્ય લાવે તો જ યથાર્થ પ્રતીતિ છે. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને તે પરિણતિ તેમાં લીનતાનું પણ કાર્ય લાવે છે. (જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)

## બાળ વિભાગ

## વજ્રબાહુનો વૈરાગ્ય

પરંતુ મનોદયા પણ વીરપુત્રી હતી....તે કાંઈ રોવા ન બેઠી....તેણે પણ મક્કમ ચિત્તે કહ્યું : હે બંધુ ! તું મારી ચિંતા ન કર ! તેઓ જે માર્ગે જશે–હું પણ તે જ માર્ગે જઈશ. તેઓ વિષયભોગોથી છૂટીને આત્મકલ્યાણ કરશે, તો શું હું વિષયોમાં ડૂબી મરીશ ?–નહીં; હું પણ તેમની સાથે જ સંસાર છોડીને અર્જિકા બનીશ ને આત્માનું કલ્યાણ કરીશ. ધન્ય છે કે મને આત્મહિતનો આવો સુંદર અવસર મળ્યો ! રોકો મા ભાઈ, તમે કોઈને રોકો મા ! કલ્યાણના પંથે જનારને સંસારના માર્ગમાં ખેંચો મા ! અમે વૈરાગ્યમાર્ગે જઈએ છીએ, તમે પણ અમારી સાથે તે જ પંથમાં આવો.

પોતાની બહેનની પણ આવી દૃઢતા દેખીને હવે ઉદયસુંદરના ભાવમાં પણ એકાએક પરિવર્તન થઈ ગયું. તેણે જોયું કે મશ્કરી સત્ય બની રહી છે. તેણે કહ્યું : વાહ...વજ્રકુમાર ! અને વાહ મનોદયાબેન ! ધન્ય છે તમારી ઉત્તમ ભાવનાઓને ! તમે બંને અહીં જ દીક્ષા લેશો તો શું અમે તમને મૂકીને પાછા રાજ્યમાં જઈશું ?– નહીં; અમે પણ તમારી સાથે જ મુનિદીક્ષા લઈશું.

ત્યાં તો, આ બધી વાતચિત સાંભળી રહેલા બીજા ૨૬ રાજકુમારો પણ એકી સાથે બોલી ઊઠ્યા કે અમે પણ વજ્રકુમારની સાથે જ દીક્ષા લેશું ! અને બીજીકોર મહિલાઓના ટોળામાંથી રાજરાણીઓનો પણ અવાજ આવ્યો કે અમે બધા પણ મનોદયાની સાથે અર્જિકાવ્રત લઈશું.

બસ, ચારેકોર ખળભળાટ મચી ગયો...ગંભીર વૈરાગ્યનું વાતાવરણ ફેલાઈ ગયું. રાજસેવકો તો ગભરાટથી જોઈ રહ્યા છે કે આ બધું શું થઈ રહ્યું છે ! આ બધા રાજકુમારોને તથા રાજરાણીઓને અહીં છોડીને એકલા એકલા રાજ્યમાં પાછા કઈ રીતે જવું ? જઈને આ રાજકુમારોના માતા-પિતાઓને શું જવાબ દેવો ?

તેઓ મુંઝાયા. છેવટે એક મંત્રીએ રાજપુત્રોને કહ્યું : હે કુમારો ! તમારી વૈરાગ્ય-ભાવનાને ધન્ય છે....પણ અમને મુશ્કેલીમાં  ન મૂકો.....તમે અમારી સાથે પાછા ચાલો ને માતા-પિતાની રજા લઈને પછી દીક્ષા લેજો....

વજ્રબાહુકુમારે કહ્યું : અરે, સંસારબંધનથી છૂટવાનો આવો અવસર આવ્યો, ત્યારે માતા-પિતાને પૂછવા કોણ રોકાય ? અમે ત્યાં આવીએ તો માતા-પિતા મોહવશ

થઈને અમને રોકે; માટે તમે સૌ જાઓ, ને માતા-પિતાને સમાચાર કહી દેજો કે તમારા પુત્રો મોક્ષને સાધવા ગયા છે, માટે તમે દુઃખી ન થશો.

ત્યારે મંત્રીએ કહ્યું : કુમારો ! તમે અમારી સાથે ભલે ન આવો; પરંતુ અમે માતા-પિતાને ખબર આપીએ ત્યાં સુધી અહીં રોકાઈ જાઓ.

કુમારોએ કહ્યું : અરે, એક ક્ષણ પણ હવે આ સંસાર ન જોઈએ....જેમ પ્રાણ ઊડી ગયા પછી શરીર શોભતું નથી, તેમ અમારો મોહ છૂટી ગયા પછી હવે ક્ષણમાત્ર આ સંસાર ગમતો નથી—આમ કહીને બધા કુમારો ચાલવા લાગ્યા....ને મુનિરાજ પાસે આવ્યા....

ગુણસાગર—મુનિરાજ પ્રત્યે હાથ જોડીને વિનયપૂર્વક નમસ્કાર કરીને વજ્રબાહુકુમારે કહ્યું : હે સ્વામી ! અમારું ચિત્ત સંસારથી અતિ ભયભીત છે; આપના દર્શનથી અમારું મન પવિત્ર થયું છે ને હવે અમે ભવસાગરને પાર કરનારી એવી ભાગવતી દીક્ષા અંગીકાર કરીને આ સંસારના કીચડમાંથી બહાર નીકળવા ઈચ્છીએ છીએ; માટે હે પ્રભો ! અમને દીક્ષા આપો !

જેઓ ચૈતન્ય સાધનામાં મગ્ન છે અને હમણાં જ સાતમેથી છઠ્ઠા ગુણસ્થાને આવ્યા છે—એવા તે મુનિરાજે રાજકુમારોની ઉત્તમ ભાવના જાણીને કહ્યું : હે ભવ્યો ! લ્યો, આ મોક્ષના કારણરૂપ ભગવતી જિનદીક્ષા ! તમે બધા અત્યંત નીકટભવ્ય છો કે તમને મુનિવ્રતની ભાવના જાગી—આમ કહીને આચાર્યદેવે વજ્રબાહુ સહિત ૨૬ રાજકુમારોને મુનિદીક્ષા આપી; રાજકુમારોએ કોમળ કેશનો સ્વહસ્તે લોચ કરીને પંચમહાવ્રત ધારણ કર્યા. રાજપુત્રી અને રાગપરિણતિ બંનેનો ત્યાગ કર્યો; દેહનો સ્નેહ છોડીને ચૈતન્યધામમાં સ્થિર થયા, ને શુદ્ધોપયોગી થઈને આત્મચિંતનમાં એકાગ્ર થયા. ધન્ય તે મુનિવરો !

બીજી બાજુ મનોવતીએ પણ પતિનો, ભાઈનો તેમજ સંસારનો મોહ છોડીને સર્વે આભૂષણ દૂર કરી વૈરાગ્યપૂર્વક અર્જિકાવ્રત ધારણ કર્યા, સાથે અનેક રાણીઓ પણ અર્જિકા થઈ, ને એકમાત્ર સફેદ સાડીથી ઢંકાયેલા દેહમાં ચૈતન્યની સાધના વડે શોભવા લાગી; રત્નમણિનાં આભૂષણ કરતાં શુદ્ધોપયોગનાં આભૂષણથી આત્મા વધારે શોભી ઊઠે છે; તે રીતે વજ્રકુમાર વગેરે સૌ મુનિદશામાં શુદ્ધોપયોગ વડે શોભવા લાગ્યા.

ધન્ય તે રાજપુત્રોને ! ધન્ય તે રાજરાણીઓને !

જ્યારે વજ્રકુમાર વગેરેની દીક્ષાના સમાચાર અયોધ્યા પહોંચ્યા ત્યારે તેના પિતા

સુરેન્દ્રમન્યુ, તથા દાદા વિજય મહારાજા પણ સંસારથી વિરક્ત થયા : અરે, આવો નવપરિણીત યુવાન–પૌત્ર સંસાર છોડીને મુનિ થયો; ને હું બૂઢો થવા છતાં હજી સંસારના વિષયોને નથી છોડતો ! આ રાજકુમારે તો સંસાર–ભોગોને તૃણવત્ સમજીને છોડી દીધા ને મોક્ષને અર્થે શાંતભાવમાં ચિત્તને સ્થિર કર્યું. ઉપરથી સુંદર લાગતા વિષયોનું ફળ બહુ કડવું છે. યુવાનદશામાં દેહનું જે રૂપ હતું તે પણ વૃદ્ધાવસ્થામાં કુરૂપ થઈ ગયું. દેહ અને વિષયો ક્ષણભંગુર છે, આમ જાણવા છતાં હું વિષયભોગોના કૂવામાં ડૂબ્યો રહું તો મારા જેવા મૂર્ખ કોણ ?–આમ વિચારી બાર વૈરાગ્ય ભાવના ભાવી, સર્વે જીવો પ્રત્યે ક્ષમાભાવપૂર્વક તે વિજયરાજા તથા તેનો પુત્ર પણ જિનદીક્ષા લઈ મુનિ થયા...પૌત્રના પંથે દાદાએ પ્રયાણ કર્યું, ધન્ય જૈનમાર્ગ !

વિજયરાજાએ દીક્ષા લેતી વખતે રાજ્ય વજ્રકુમારના ભાઈ પુરંદરને સોંપ્યું, પુરંદર રાજાએ રાજ્ય પોતાના પુત્ર કીર્તિધરને સોંપીને દીક્ષા લીધી; તે કીર્તિધરે પણ, પંદર દિવસની વયના પુત્ર સુકોશલને રાજતિલક કરીને જિનદીક્ષા લઈ લીધી; અને તે સુકોશલકુમારે પણ, ગર્ભસ્થબાળકને રાજતિલક કરીને પોતાના પિતાની પાસે જ દીક્ષા અંગીકાર કરી...એટલું જ નહિ પણ તેની મા વાઘણ થઈને તેને ખાઈ ગઈ તોપણ તે આત્મધ્યાનથી ન ડગ્યા ને કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા. (ત્યાર પછી આગળ જતાં દશરથરાજા, શ્રી રામચંદ્ર વગેરે પણ તે જ વંશમાં થયા)

ઈસ સંસારરૂપી રંગભૂમિ પર યહ જીવ નાના પ્રકારકે શરીરરૂપ વેશ ધારણ કર નટકી તરહ નાટ્ય લીલા કરતા હૈ. જિસપ્રકાર રંગભૂમિમેં નટ અનેક પ્રકારકે ચિત્ર-વિચિત્ર પાત્રોંકે રૂપ ધારણ કર ઉન્હીં જૈસી ચેષ્ટા કરતા હૈ ઔર દર્શકલોગોંકો વાસ્તવિકકી સી ભ્રાંતિ કરા દેતા હૈ, ઉસીપ્રકાર યહ જીવ ભી જન્મમરણરૂપ ઈસ સંસાર રંગભૂમિ પર મનુષ્ય, તિર્યંચ, નરક, દેવ ઈન ગતિયોંમેં નાના પ્રકારકી એકેન્દ્રિયાદિ જાતિયોંમેં જન્મ લેકર નાના પ્રકારકે કર્મોંકા સુખ-દુઃખ ફલ ભોગતા હુઆ ભ્રમણ કરતા હૈ, જબ જિસ પર્યાયકો ધારણ કરતા હૈ ઉસ સમય ઉસસે તન્મય હોકર મૈં ઉસ પર્યાયરૂપ હી હૂં ઐસા ભ્રમ માનતા હૈ.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૨૫૨)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

# બૃહદ્-દ્રવ્યસંગ્રહ અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

**પ્રશ્નપત્ર ક્રમાંક–૯ (કુલ માર્ક્સ–૫૦)**

અભ્યાસ ક્રમ –બૃહદ્-દ્રવ્યસંગ્રહ ગાથા ૩૯ – ૪૦

**સૂચના :** (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર બૃહદ્-દ્રવ્યસંગ્રહ આધારિત આપવાના રહેશે.

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ વીસ પ્રશ્નોના જવાબ લખો. (બે લાઈન) ૨૦**

(૧) વ્યવહાર મોક્ષમાર્ગ કોને કહે છે ? તે શું છે ?
(૨) નિશ્ચય મોક્ષમાર્ગ કોને કહે છે ? તે શું છે ?
(૩) વ્યવહાર મોક્ષમાર્ગનું દૃષ્ટાંત ગાથા ૩૯ની ટીકામાં શું આપ્યું છે ?
(૪) નિશ્ચય મોક્ષમાર્ગનું દૃષ્ટાંત ગાથા ૩૯ની ટીકામાં શું આપ્યું છે ?
(૫) ગાથા-૪૧માં સમ્યકજ્ઞાનની પરિભાષા શું છે, તે કેવું છે અને શું થતાં થાય છે ?
(૬) સમ્યગ્દર્શનમાં જે સાચા દેવની શ્રદ્ધા થાય છે તે દેવનું સ્વરૂપ શું છે ?
(૭) લોકમૂઢતાનો આશ્રય કરનાર જીવ કેવું વર્તન કરે છે ?
(૮) સમયમૂઢતા કોને કહે છે તે જેને હોય તે જીવ કેવું વર્તન કરે છે ?
(૯) આઠ મદનાં નામ બતાવો.
(૧૦) સમ્યક્ત્વમાં જે ન હોય તે આઠ દોષોનાં નામ બતાવો.
(૧૧) આ શાસ્ત્રમાં વ્યવહાર સમ્યક્ત્વના કથનને નિશ્ચય સમ્યક્ત્વનું કથન કેમ કહ્યું ?
(૧૨) સમ્યગ્દૃષ્ટિ જીવ અવ્રતી હોવા છતાં ક્યાં જન્મતા નથી તે જણાવો.
(૧૩) સમ્યક્ત્વના ગ્રહણ પહેલાં જેમણે દેવ આયુષ્ય બાંધ્યું હોય તેમની બાબતમાં સમ્યક્ત્વનું શું માહાત્મ્ય છે ?
(૧૪) ઔપશમિક, વેદક અને ક્ષાયિક આ ત્રણ સમ્યક્ત્વમાંથી કઈ ગતિમાં કેવું સમ્યક્ત્વ હોય ?
(૧૫) સમ્યક્જ્ઞાનનું સ્વરૂપ અને ભેદ બતાવો. તેમાં ક્યા દોષો ન હોય ?
(૧૬) વિકલ્પરૂપ વ્યવહારજ્ઞાનથી સાધ્ય નિશ્ચયજ્ઞાનનું સ્વરૂપ બતાવો.
(૧૭) વિકલ્પ અર્થાત્ ભેદ રહિત સત્તાનું ગ્રહણ કરનાર દર્શનનું સ્વરૂપ બતાવો.
(૧૮) છદ્મસ્થ જીવોને દર્શનપૂર્વક જ્ઞાન હોય છે તો કેવળી ભગવાનને શું હોય છે શા માટે ?
(૧૯) સંસારના કારણોનો નાશ કરવા માટે ક્યા જ્ઞાનીને બાહ્ય અને અંતરંગ ક્રિયા, વિકલ્પોનો નિષેધ છે ?
(૨૦) અગિયાર અંગ અને ચૌદ પૂર્વના નામ બતાવો.
(૨૧) અંગબાહ્ય શ્રુતજ્ઞાનમાં શું શું આવે ?
(૨૨) જૈન સિદ્ધાંતમાં જ્ઞાનને કથંચિત્ સવિકલ્પ અને કથંચિત્ નિર્વિકલ્પ કઈ રીતે માનવામાં આવે છે ?

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૪ ઉપર)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર સોળમીવારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (ગુરુદેવશ્રીનાં વચનામૃત) |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | સમાધિતંત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

આ વર્ષે પર્યુષણમહાપર્વ જ્ઞાનવૈરાગ્યભીની તત્ત્વોપાસના, મુનીન્દ્રમહિમા, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારમહિમાની દૃષ્ટિથી પ્રભાવનાપૂર્ણ રહ્યું. પર્યુષણપર્વની આરાધના માટે બહારગામથી અનેક મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા. વિધાનપૂજાના સમયે પરમાગમમંદિર તથા પ્રવચનના સમયે સ્વાધ્યાયમંદિર ભરાઈ જતું હતું. ક્ષમાવણીપર્વના દિવસે, આ સાધનાતીર્થની પવિત્ર યાત્રા તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ ક્ષમાવણીસ્તુતિપૂર્વક ક્ષમાયાચના માટે બહારગામથી ઘણા બધા મુમુક્ષુ મહાનુભાવ આવ્યા હતા.

❋ **મહાવીરનિર્વાણ-પંચાહ્નિક-મહોત્સવ :** પ્રતિવર્ષાનુસાર ‘શ્રી મહાવીર નિર્વાણ-કલ્યાણક’—દીપાવલીનો મંગલ અવસર આસો વદ અગિયારસ, રવિવાર તા. ૧૫-૧૦-૨૦૧૭ થી આસો વદ ૩૦, ગુરુવાર તા. ૧૯-૧૦-૨૦૧૭, પાંચ દિવસ સુધી ‘શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણકમંડલ વિધાનપૂજા’, મહાવીર જિનેન્દ્રભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

❋ **સુપ્રભાત દિન :** કારતક સુદ એકમ–નૂતન વર્ષારંભનો ‘સુપ્રભાતદિન’ તા. ૨૦-૧૦-૨૦૧૭, શુક્રવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

❋ **કાર્તિકી-નંદીશ્વર-અષ્ટાહ્નિકા** : કારતક સુદ ૮, શનિવાર, તા. ૨૮-૧૦-૨૦૧૭ થી કારતક સુદ ૧૫, શનિવાર, તા. ૪-૧૧-૨૦૧૭—આઠ દિવસ સુધી ‘પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન’ તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

## (૪૯)
## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો.

(૧) જેમ પાણી સ્વભાવથી ગરમ નથી, ઠંડુ છે, તેમ આ આત્મા સ્વભાવથી વીતરાગ છે, રાગી-દ્વેષી-મોહી નથી માટે................ છે. (અવિશેષ, અનન્ય, અસંયુક્ત)

(૨) અંતરાત્માની જે પર્યાયો પ્રગટ છે તે જ વખતે બહિરાત્મા અને પરમાત્માની પર્યાયો શક્તિરૂપે ..................... છે. (પ્રગટ, અપ્રગટ, અભાવ)

(૩) ............... અનાસક્તિથી અને કર્મોના ઉદયમાં લાચાર થઈને વિષયભોગ કરે છે. (મુનિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ શ્રાવક)

(૪) યોગસાર શાસ્ત્રમાં યોગીન્દુદેવે શાસ્ત્રની શરૂઆતમાં જ સૌથી પહેલા ................... પરમેષ્ઠીને નમસ્કાર કર્યા છે. (અરિહંત, સિદ્ધ, સાધુ)

(૫) જે શરીર આદિથી ભિન્ન અવિનાશી આત્માને જાણતા નથી તે ઉત્કૃષ્ટ તપ કરવા છતાં ............... ને પામતા નથી. (સ્વર્ગ, નિર્વાણ, નરક)

(૬) શુદ્ધ આત્માઓમાં શુદ્ધપર્યાયો જ પ્રગટ થાય છે કેમકે અશુદ્ધ પર્યાયો થવા માટે ................... દ્રવ્યનું કોઈ નિમિત્ત નથી. (પુદ્‌ગલ, કાળ, આકાશ)

(૭) શરીરના નાશથી મારું મરણ થયું માની અજીવ અવસ્થાને જીવ પોતાની અવસ્થા માને છે તે ................ તત્ત્વ સંબંધી ભૂલ છે. (અજીવ, જીવ, મોક્ષ)

(૮) પાંચ સમવાયમાં પૂજ્ય ગુરુદેવશ્રી ................ ઉપર ભાર મૂકતા હતા. (સ્વભાવ, કાળલબ્ધિ, પુરુષાર્થ)

(૯) જે અવસ્થાઓ દ્વારા અને જે રીતે જીવ જોવામાં આવે છે તેવી જ રીતે શોધી જાણી લેવામાં આવે તે અવસ્થાને .................. સ્થાન કહે છે. (જીવ, માર્ગણા, ગુણ)

(૧૦) જિનેન્દ્ર પૂજા કરવાનું પ્રયોજન ................... પ્રાપ્ત કરવા માટે છે. (ઉત્કૃષ્ટ પુણ્ય, દેવગતિ, વીતરાગતા)

(૧૧) છ કારકોમાં માટી સ્વયં ઘડારૂપ થઈ તેમાં ઘડો માટીથી અભિન્ન હોવાથી માટી પોતે જ ઘડાનો ................ છે. (કર્તા, સંપ્રદાન, કર્મ)

(૧૨) ............... થી કર્મનો બંધ અને મોક્ષ કહ્યો છે. (પરિણામો, ભાવના, ઈચ્છા)

(૧૩) આ લીલું છે, આ પીળું છે, ઈત્યાદિ વિકલ્પરૂપે જ્ઞેય પદાર્થોમાં પરિણમવું તે .............નો ભોગવટો છે. (જ્ઞાન, સ્વભાવ, કર્મ)

(૧૪) સમ્યક્રત્નત્રય મોક્ષમાર્ગ છે કે નહિ એમ વિકલ્પ કરીને એક પક્ષનું ગ્રહણ ન કરવું તે ............... મિથ્યાત્વ છે. (સંશય, વિપરીત, અજ્ઞાન)

(૧૫) ૪ થી ૬ ગુણસ્થાન વધતો વધતો ............... ઉપયોગ છે. (અશુભ, શુભ, શુદ્ધ)

(૧૬) પૂજ્ય બહેનશ્રીના વચનામૃત બોલ–૩૭૩ અન્વયે બધા તાળાની એક જ ચાવી ............નો અભ્યાસ કરવો. (છ દ્રવ્યો, શાસ્ત્ર, જ્ઞાયક)

(૧૭) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ આ ચારેય દ્રવ્યમાં એક સમાન સદ્દશ ............... પર્યાય થયા કરે છે. (મલિન, સ્વભાવ, વિભાવ)

(૧૮) ............... શાસ્ત્રનાં પરિશિષ્ટમાં ૪૭ નયોનું વર્ણન આચાર્યદેવે કરેલ છે (સમયસાર, પ્રવચનસાર, નિયમસાર)

(૧૯) જ્ઞાનીની અશુભથી છૂટીને શુભમાં પ્રવૃત્તિ કરવી તેને વ્યવહારથી ................ કહે છે. (ચારિત્ર, જ્ઞાન, દર્શન)

(૨૦) સંજ્વલન કષાયનો મંદ ઉદય સાતમામાંથી ................. ગુણસ્થાન સુધી રહે છે. (બારમા, દશમા, તેરમા)

---

# પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન
# સપ્ટેમ્બર–૨૦૧૭ના ઉત્તર

(૧) આવશ્યક
(૨) અરિહંત
(૩) નાસ્તિ
(૪) શુક્લ
(૫) મિથ્યાત્વ
(૬) બડવાની
(૭) સુદર્શન
(૮) પાંચ
(૯) ત્રણ
(૧૦) સમજણ
(૧૧) અન્યોન્ય
(૧૨) માયા
(૧૩) કાયક્લેશ
(૧૪) ૪૪
(૧૫) ધ્રૌવ્ય
(૧૬) ક્ષાયિક
(૧૭) ૧૦૧
(૧૮) જ્યોતિષી
(૧૯) અમૃતચંદ્ર
(૨૦) ૧૬૦

## (૫૦)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ વાક્યોને આધારે ૨૪ તીર્થંકરોના નામ ઓળખાવો)

(૧) વ્યક્તિ સંસારમાં ઈચ્છે છે ................
(૨) પરીક્ષામાં પાસ થયા પછી આપવામાં આવે છે ................
(૩) જેનો અંત ન હોય તે ................
(૪) જેમનાં પાંચ કલ્યાણક એક જગ્યા પર થયા હોય અને જે જગ્યાનું નામ એક ફૂલ પરથી હોય ................
(૫) જેમણે આહારદાનની પરંપરા શરૂ કરી ................
(૬) સૂર્યના ઉદય સાથે જે ફૂલ ખિલે તે ................
(૭) એક પ્રસિદ્ધ કપડાની મિલનું નામ ................
(૮) સૌથી ઓછા સમયમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ ................
(૯) ગરમીમાં જેની જરૂર પડે ................
(૧૦) જેને જીતી ન શકાય તે ................
(૧૧) બુદ્ધિમાનમાં જે શ્રેષ્ઠ હોય તે ................
(૧૨) જેના સંસર્ગથી લોઢું પણ સોનું બની જાય ................
(૧૩) મહિનામાં જે ધીરે ધીરે ઘટે છે અને ધીરે ધીરે વધે છે ................
(૧૪) દરેક પ્રાણીએ દરેક સ્થિતિમાં જે કાર્ય હંમેશા કરતા રહેવું જોઈએ................
(૧૫) ફૂલોની પંક્તિને કહે છે ................
(૧૬) જે કોઈપણ કાર્ય કરવામાં અસમર્થ ન હોય ................
(૧૭) યુદ્ધમાં શ્રેષ્ઠ યોદ્ધાને કહે છે ................
(૧૮) ત્રણ પદના ધારી અંતિમ તીર્થંકર ................
(૧૯) એક નારાયણ જેમના પિતરાઈ ભાઈ છે. ................
(૨૦) જેના શાસનકાળમાં મર્યાદા પુરુષોત્તમ રામનો મોક્ષ થયો ................
(૨૧) જેના ચિહ્નથી મંગલ ધાર્મિક કાર્ય શરૂ થાય છે ................
(૨૨) જેમણે અસી, મસી, કૃષિ વિદ્યાનું જ્ઞાન કરાવ્યું ................
(૨૩) છઠ્ઠા ચક્રવર્તીના ચાર કલ્યાણક હસ્તિનાપુરમાં થયા ................
(૨૪) ચોવીસમાંથી જે તીર્થંકર બાકી રહ્યા હોય તે ................

# બાળકો માટેના આપેલ પ્રશ્ન સપ્ટેમ્બર–૨૦૧૭ના ઉત્તર

(૧) જિનસારખી
(૨) સર્વજ્ઞદેવ
(૩) અનેકાંત
(૪) જ્ઞાન–રાગ
(૫) જ્ઞાન સ્વરૂપ
(૬) વીતરાગ વિજ્ઞાન
(૭) જ્ઞાયક
(૮) રત્નત્રય
(૯) સિદ્ધ
(૧૦) આત્મા
(૧૧) સિદ્ધપદ
(૧૨) આત્મ
(૧૩) ૧૮
(૧૪) મોક્ષ
(૧૫) મિથ્યાત્વ
(૧૬) નિર્જરા
(૧૭) સરખું
(૧૮) મિથ્યાદર્શન
મિથ્યાજ્ઞાન
મિથ્યાચારિત્ર
(૧૯) દર્શન-જ્ઞાન-ચારિત્ર
(૨૦) આકુળતા

---

(અનુસંધાન પેજ નં. ૨૯ થી ચાલુ)

(૨૩) જૈનમતના નિર્વિકલ્પજ્ઞાન અને બૌદ્ધમતના નિર્વિકલ્પજ્ઞાનમાં તફાવત કઈ રીતે ?

**પ્રશ્ન-૨ : નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ આઠ પ્રશ્નોના જવાબ લખો. (ત્રણ લાઈન)૧૬**

(૧) છ આયતનનું સ્વરૂપ શું છે ? (૨) સમ્યગ્દર્શનનું સામર્થ્ય અને માહાત્મ્ય શું છે તે સમજાવો.
(૩) સમ્યગ્દર્શન થતાં સમ્યગ્જ્ઞાન થાય છે ?
(૪) સમ્યક્ત્વ કેટલા દોષથી રહિત છે તે ક્યા ક્યા છે ? તે દૃષ્ટાંતથી સમજાવો.
(૫) પ્રથમાનુયોગ કોને કહે છે ? (૬) ચરણાનુયોગ કોને કહે છે ?
(૭) કરણાનુયોગ કોને કહે છે ? (૮) દ્રવ્યાનુયોગ કોને કહે છે ?
(૯) વ્યવહારચારિત્ર કોને હોય છે ?
(૧૦) વ્યવહાર ચારિત્રથી સાધ્ય નિશ્ચય ચારિત્રનું સ્વરૂપ વર્ણવો.

**પ્રશ્ન-૩ : નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો. (એક લાઈન) ૪**

(૧) ઈહા નામના મતિજ્ઞાનપૂર્વક શું થાય ? (૨) છદ્મસ્થનો અર્થ શું છે ?
(૩) દર્શન કોને કહેવાય છે ? (૪) સાકારનો અર્થ શું છે ?

**પ્રશ્ન-૪ નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર નિબંધ લખો (વીસ લાઈન) ૧૦**

(૧) નિષ્કાંક્ષિત ગુણના કથનમાં સીતાદેવીની કથા દર્શાવો.
(૨) સમ્યક્ત્વના આઠ અંગ ટૂંકમાં નિશ્ચય અને વ્યવહારથી સમજાવો.
(૩) શ્રાવક કોને કહે છે ? શ્રાવકની અગિયાર પ્રતિમાનું વર્ણન કરો.

ઉત્તરપત્ર મોડામાં મોડા તા. ૧-૧૦-૨૦૧૭ સુધીમાં સોનગઢ પહોંચાડવા વિનંતી

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા છે, ઈન્દ્રિય જ્ઞાનમય નથી, ઈન્દ્રિયોથી શાસ્ત્રો વાંચ્યા, સાંભળ્યા તે જ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાન નહીં, તે આત્મજ્ઞાન નહીં, તે તો ખંડ-ખંડ જ્ઞાન છે. ૧૧ અંગ ને ૯ પૂર્વનું જ્ઞાન પરસત્તાવલંબી જ્ઞાન છે. તે બંધનું કારણ છે. અહીં પરમાત્મા એમ ફરમાવે છે કે પ્રભુ! એકવાર સાંભળ, આત્માને અતીન્દ્રિય-જ્ઞાનથી જાણવું થાય છે, ઈન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય તે આત્મા નહીં. ૨૫૭.

● સમ્યગ્દષ્ટિનું જ્ઞાન અતિ સૂક્ષ્મ છે તોપણ રાગ ને સ્વભાવ બે વચ્ચે સંધિ છે તેમાં જ્ઞાનની પર્યાયનો પ્રવેશ કરતાં પ્રથમ બુદ્ધિગમ્ય ભિન્નતા કરે છે. રાગને ને સ્વભાવને ખ્યાલમાં આવે એ રીતે બેને પ્રથમ છેદે, બુદ્ધિગમ્ય છેદ કરે એટલે ખ્યાલમાં આવે એ રીતે બેની ભિન્નતા કરે. સમ્યગ્દર્શન પામવાની ને સમ્યગ્દર્શનને રાખવાના માર્ગની આ વાત છે. આ વાત પ્રથમ સાંભળે, સાંભળીને વિચારે ને પછી પ્રયત્ન તો કરે. ૨૫૮.

● કેવી રીતે ભિન્ન-ભિન્ન કરે છે ?–કે સ્વપરગ્રાહક લક્ષણ ચૈતન્યપ્રકાશ છે તે ચૈતન્યને જાણીને અને રાગને જાણીને ભિન્ન ભિન્ન રાખે છે. સ્વ-પર ગ્રાહક એવો જ્ઞાનપ્રકાશ સ્વને જાણે છે ને પરને પણ જાણે છે. પણ પરને જાણીને જુદો રાખે છે. ચૈતન્યલક્ષણ વડે તેને લક્ષિત કરતાં ધ્રુવના પૂર ઉપર લક્ષ જાય છે. ૨૫૯.

● પહેલાં નક્કી તો કરે કે આમ જ વસ્તુ પ્રાપ્ત થાય એમ છે. બાકી વ્રત-તપ-ભક્તિ-યાત્રાથી કે પૈસા ખર્ચવાથી વસ્તુ પ્રાપ્ત થાય એમ નથી. ત્રિકાળી ટકતી અસંખ્ય પ્રદેશી શુદ્ધ વસ્તુ સર્વ કાળે પ્રત્યક્ષ છે એમ પહેલાં નક્કી કરવું. વસ્તુનું સ્વરૂપ જ પ્રત્યક્ષ છે, સ્વરૂપ પરોક્ષ હોઈ શકે જ નહીં. ૨૬૦.

● શ્રોતા : વ્રત-તપ-ત્યાગ કરવાથી આત્માના ઉપરની છાલ–મેલ નીકળી જાય છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ના, એ તો રાગ છે. એ વ્રત, તપ આદિના રાગને પોતાનો માનવો એ મિથ્યાત્વ છે, ગુન્હો છે, ભ્રમણા છે.


શ્રોતા : તો સાધારણ જીવોને એ વ્રતાદિ કરવા ઠીક છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : નહિ, સાધારણને પણ એ વ્રતાદિથી ધર્મ નથી, એનાથી જન્મ-મરણનો અંત આવતો નથી. તેમાં લાભબુદ્ધિથી જન્મ-મરણ વધે છે. ૨૬૧.

આત્મધર્મ
ઓક્ટોબર-૨૦૧૭
અંક-૨ ● વર્ષ-૧૨

Posted at Songadh PO
Publish on 1-10-2017
Posted on 1-10-2017

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org